ગાંધીનગરથી દર ગુરુવારે પ્રકાશિત થતું સાપ્તાહિક

Agnipath (Weekly) Gandhinagar

Permitted by SSP GNR to Post at GNR Stg
Every Thursday Under Regd. No. : G GNR - 214 / 2012-14

॥ કૃણ્વન્તો વિશ્વમાર્યમ્ ॥

# અગ્નિપથ

अस्माकं वीरा उत्तरे भवन्तु

વર્ષ : ૧૫ | અંક : ૧૨ | તંત્રી : અરવિંદ કે. રાણા | ● તારીખ : ૨૦-૦૩-૨૦૧૪, ગુરૂવાર | R.N.I. No. GUJGUJ/2000/1951 | ● કિંમત : રૂા. ૪.૦૦ | ● પાના : ૪

## બોરીવલીના આંગણે અનોખી હોળી



બોરિવલી

હોળીનો તહેવાર આમ તો વરસોથી હિન્દુઓની ધાર્મિક પરંપરા અનુસાર જ ઉજવાતો આવે છે. ગામડાં અને શહેરોમાં ચોકમાં અથવા તો જાહેર સ્થળો પર લાકડાં અને છાણાં એકઠાં કરીને રાત્રે સૌપ્રથમ હોળીની પૂજા કરીને હોળીને સળગાવવામાં આવે છે. તેમાં શ્રીફળ નાંખવામાં આવે છે હોળીની ચારેબાજુ પ્રદક્ષિણા કરવામાં આવે છે. અને અંતમાં સૌને પ્રસાદ વહેંચવામાં આવે છે. પ્રસાદ લઈને સૌ છૂટાં પડે છે આમ હોળીની ઉજવણી પૂરી થાય છે.

પણ મુંબઈના એક પરાં બોરિવલીના દોલતનગરમાં હોળીની ઉજવણી હાલના પર્યાવરણને ધ્યાનમાં રાખીને કરવામાં આવી હતી. રાત્રે લગભગ ૮:૩૦ કલાકે હોળીને પ્રગટાવવામાં આવી હતી. અને ત્યાર બાદ ૯:૦૦ કલાકે હોળીને મહા-યજ્ઞનું સ્વરુપ આપવામાં આવ્યું હતું. આમાં બોરિવલીના દોલતનગરમાં રહેતા પ્રેમજીઆણી પરિવાર અને બીજા પાટીદાર પરિવારોના સાથ અને સહકારથી વાતાવરણની શુદ્ધિ માટે ૫૦ કિલો જેટલી વિશિષ્ટ સામગ્રી અને પાંક કિલોગ્રામ જેટલા ગાયના શુદ્ધ ઘીની આહૂતિ આપવામાં આવી હતી. અને આસપાસના વાતાવરણને શુદ્ધ કરવામાં આવ્યું હતું. આમ આ હોળીના ઉત્સવને વૈદિક હોળીના ઉત્સવમાં પરિવર્તિત કરવામાં આવી હતી. આમ આ હોળીનો ઉત્સવ એ વાતાવરણ શુદ્ધિ માટેનું નિમિત્ત બની હતી.

અત્યારે આખા વિશ્વમાં ગ્લોબલ વાર્મિંગની જે સમસ્યા છે અને વાતાવરણની જે અશૃદ્ધિ છે તેને દૂર કરવા માટેના પ્રયાસો ઠેર-ઠેર થઈ રહ્યા છે. આપણાં દેશમાં હોળીના તહેવારમાં પ્રદુષણની માત્ર વધી જાય છે. દેશમાં અનેકો જગ્યાએ હોળી પ્રગટાવવામાં આવે છે અને પ્રદુષણ ફેલાવવામાં આવી રહ્યું છે. મુંબઈના બોરિવલી સ્થિત દોલતનગરમાં જે રીતે હોળીના તહેવારની ઉજવણી કરવામાં આવી છે તે જ પ્રકારે જો દેશમાં પણ હોળીની ઉજવણીમાં ભરપુર માત્રમાં સામગ્રી અને ગાયના ઘીની આહૂતિઓ આપવામાં આવે તો ખરા અર્થમાં તેનો લાભ પ્રાપ્ત થાય. વૈદિક હોળીનો આ વિચાર દરેક આર્યજનોએ અપનાવવો જોઈએ.આનાથી આપણા દેશની પ્રાચિન સંસ્કૃતી અને ઋષિ-મુનિઓની પરંપરા પણ જળવાઈ રહેશે.

## વૈદિક આધ્યાત્મિક ન્યાસ, અજમેરનું દ્વિતિય વાર્ષિક સ્નેહ સંમેલન તથા સંગોષ્ઠી વાનપ્રસ્થ સાધક આશ્રમ, રોજડ ખાતે ઉત્સાહભેર સંપન્ન



વૈદિક આધ્યાત્મિક ન્યાસ, અજમેરનું દ્વિતિય વાર્ષિક સ્નેહ સંમેલન તથા સંગોષ્ઠી તાજેતરમાં વાનપ્રસ્થ સાધક આશ્રમ, રોજડ ખાતે હર્ષોલ્લાસ સાથે સંપન્ન થઈ. આ સંમેલનમાં જ્યાં અનેક વિદ્વાનોનો પરસ્પર પરિચય અને વિચારોના આદાન-પ્રદાનનો અવસર પ્રાપ્ત થયો ત્યાં જ પૂજ્ય સ્વામી સત્યપતિજીના દર્શન અને આશીર્વચનોનો પણ લાભ પ્રાપ્ત થયો હતો. સંગોષ્ઠીમાં શ્રોતાઓથી ભરેલા વિભિન્ન સત્રોમાં અનેક વિષયો પર સાર્થક પરિચર્ચાઓ થઈ, ભજન-પ્રવચન થયા અને જીજ્ઞાસા સમાધાન પણ કરવામાં આવ્યું હતું. બંને સમય સામૂહિક ઉપાસનાના કાર્યક્રમથી તમામ સદસ્યો લાભાન્વિત થયા હતા. વિભિન્ન વિદ્વાનોએ પોતાના સાર્થક કાર્યક્રમોના અનુભવો, શોધો, પ્રશ્નો અને સમસ્યાઓથી અન્યોને માહિતગાર કર્યા હતા. અને અન્ય વિદ્વાનોએ તેના ઉપર પોતાના વિચાર અને સમાધાન પણ બતાવ્યા હતા.

આચાર્ય જ્ઞાનેશ્વરજીની અધ્યક્ષતામાં યોજવામાં આવેલા ઉદ્‌ઘાટન સમારંભમાં સૌપ્રથમ ઈશ્વરના નિજ નામ ઓરૂમનું ત્રણ વાર ઉચ્ચારણ કરીને સંગોષ્ઠીની શરૂઆત કરવામાં આવી હતી. સત્રનું સંચાલન આચાર્ય સોમદેવજીએ કર્યું હતું. ન્યાસના સચિવ આચાર્ય સત્યજિતજીએ સૌનું સસ્નેહ સ્વાગત કર્યું હતું. ન્યાસના સંરક્ષક અને દિશા નિર્દેશક પૂજ્ય સ્વામી સત્યપતિજીએ પોતાના આધ્યાત્મિક ઉપદેશમાં તમામ સદસ્યોને આત્મોન્નતિની સાથે સાથે વૈદિક યોગનો પ્રચાર-પ્રસાર કરવાનું આહ્વાન કર્યું હતું. આચાર્ય આશીષજી દ્વારા ગત સંમેલનનો સાર અને આચાર્ય સત્યેન્દ્રજી દ્વારા ન્યાસનું આર્થિક વિવરણ રજુ કરવામાં આવ્યું હતું. ન્યાસના અધ્યક્ષ આચાર્ય જ્ઞાનેશ્વરજીએ પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે આર્ય સમાજના ઈતિહાસમાં પ્રથમ વાર એકસો થી વધુ દર્શન ઉપરાંત વિવિધ શાસ્ત્રોના વિદ્વાનો એક સંગઠન-સૂત્રમાં બંધાય છે.

બીજા સત્રનું સંચાલન આચાર્ય સંદિપજીએ કર્યું હતું. આ સત્રની અધ્યક્ષતા સ્વામી ઋતસ્પતિજીએ કરી હતી. આ સત્રનો વિષય હતો સૃષ્ટિ સંવત ૧અરબ ૯૭ કરોડ સત્ય છે કે ૧ અરબ ૯૬ કરોડ વર્ષ ? બ્ર. અરૂણજી, આચાર્ય સનત્કુમારજી


# ક્રિયાત્મક યોગ પ્રશિક્ષણ શિબિર

## ૦૬ એપ્રિલ થી ૧૩ એપ્રિલ, ૨૦૧૪

### યોગ શિબિરમાં પ્રસ્તુત કરવામાં આવનારા મુખ્ય વિષયો

| | |
|---|---|
| ૧ ધ્યાન, જપ, પ્રાણાયામ વિધિ | ૨ શંકાઓનું સમાધાન, |
| ૩ આસન-વ્યાયામ પ્રશિક્ષણ | ૪ યજ્ઞ (અગ્નિહોત્ર), વેદ પાઠ |
| ૫ વિશુદ્ધ જ્ઞાન, કર્મ, ઉપાસના | ૬ મનોનિયંત્રણ |
| ૭ યોગ દર્શનનાં સૂત્રોનું અધ્યાપન | ૮ સંસ્કૃતના મંત્ર-શ્લોકનું ઉચ્ચારણ |
| ૯ આત્મ-નિરીક્ષણ | ૧૦ દાર્શનિક આધ્યાત્મિક પ્રેરક પ્રવચન |

● શિબિરમાં ભાગ લેવા ઈચ્છુક ધાર્મિક મહાનુભાવોએ ૨૫મી માર્ચ પહેલા આવેદન પત્ર ભરીને શિબિરના સ્થળે મોકલી આપવાનું રહેશે. ● આવેદન પત્ર ટપાલ, ફેક્સ, ઈ-મેઈલ દ્વારા મોકલી આપવાના રહેશે. ● આવેદન પત્રમાં પોતાનું નામ, ઉંમર, અભ્યાસ, વ્યવસાય, મોબાઈલ તથા ફોન નંબર, ઈ-મેઈલ ઉપરાંત અગાઉ આ પ્રકારની શિબિરમાં કેટલી વાર ભાગ લીધો છે તે તથા શિબિરમાં ભાગ લેવા પ્રેરણા આપનારનું નામ પણ અવશ્ય લખવાનું રહેશે. ● આવેદન પત્ર મળ્યા બાદ જેમને આશ્રમ દ્વારા સ્વીકૃતિ પત્ર મળે તેવા આવેદકોએ શુલ્કની રકમ રૂા. ૧૦૦૦/- માત્ર મનીઓર્ડર દ્વારા જ "વ્યવસ્થાપકશ્રી, યોગ શિબિર - આર્યવન"ના નામથી મોકલી નોંધણી કરાવી લેવાની રહેશે. આર્થિક કારણોસર શુલ્ક આપવામાં અસમર્થ હશે તેમને યોગ્ય સમજીને શુલ્કમાં છૂટ આપવામાં આવશે. ● શિબિરાર્થી કોઈપણ જાતના વ્યસનો ધરાવતો ન હોવો જોઈએ.



**શિબિર સ્થળ**

**વાનપ્રસ્થ સાધક આશ્રમ**




આર્યવન - રોજડ, પો. સાગપુર, જિ. સાબરકાંઠા-૩૮૩૩૦૭

ફોન : (૦૨૭૭૦) ૨૮૭૪૧૭સ ૨૯૧૫૫૫, ૨૯૧૭૧૭, ૨૯૧૪૯૬

E-mail : vaanprastharojad@gmail.com, Website : www.vaanprastharojad.org

સ્થાન સૌજન્ય : સર્વોત્કર્ષ સેવા સંસ્થાન





# નિમંત્રણ

## આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટ, રોઝડ


# અઠ્યાવીસમો વાર્ષિક મહોત્સવ

## તા. ૩૧ માર્ચ-૨૦૧૪, સોમવાર

સંસ્થાના અઠ્યાવીસમા વાર્ષિક ઉત્સવનું આયોજન તા. ૩૧/૩/૨૦૧૪ ને ચૈત્ર સુદ-૧, સોમવારના રોજ કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં આચાર્યશ્રી જ્ઞાનેશ્વરજી (દર્શનાચાર્ય), સ્વામીશ્રી વિવેકાનંદજી પરિવ્રજક (દર્શનાચાર્ય) સ્વામીશ્રી બ્રહ્મવિદાનંદ સરસ્વતીજી (દર્શનાચાર્ય), સ્વામીશ્રી શાંતાનંદજી (દર્શનાચાર્ય) ગુરૂકુલ ભવાનીપુર (કચ્છ) ડૉ. કમલેશકુમાર શાસ્ત્રીજી વગેરે વિદ્વાનો તેમના પ્રવચનો નો લાભ આપશે. આ પ્રસંગે આપ સૌ ધર્મપ્રેમી સજ્જનોને પધારવા તેમજ સત્સંગનો લાભ લેવા અમારૂ હાર્દિક આમંત્રણ છે.

### કાર્યક્રમ

| | |
|---|---|
| યજ્ઞ તથા ઉપદેશ | ૭:૦૦ થી ૮:૦૦ |
| પ્રાતઃ રાશ (નાસ્તો) | ૮:૦૦ થી ૮:૩૦ |
| સ્વાગત તથા ધ્વજારોહણ | ૮:૩૦ થી ૯:૦૦ |
| વિદ્વાનોનાં પ્રવચન | ૯:૦૦ થી ૧૨:૪૫ |
| પ્રીતિ ભોજન | ૧૨:૩૦ થી ૨:૦૦ |



### નિમંત્રક

શ્રી મનસુખ ધનજી વેલાણી
પ્રમુખ
આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટ

શ્રી લખમજી કરશન વેલાણી
પ્રમુખ
આર્યવન ગૌશાળા ટ્રસ્ટ

આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટ, રોઝડ,
મુ. રોઝડ, પો. સાગપુર, જિ. બનાસકાંઠા-૩૮૩૩૦૭. ફોન : (૦૨૭૭૦) ૨૮૭૬૧૮, ૨૮૭૪૭૮

સ્થાન સૌજન્ય : સર્વોત્કર્ષ સેવા સંસ્થાન

ઉચ્ચાવચેષુ ભૂતેષુ દુર્જ્ઞેયામકૃતાત્મભિઃ ।
ધ્યાનયોગેન સમ્પશ્યેદ્ગતિમસ્યાન્તરાત્મનઃ ॥

मनुस्मृति ७३(४९)

**નાના અને મોટા પ્રાણી અને અપ્રાણીમાં અશુદ્ધ આત્મા જેને નથી જોઈ શકતા એવા અંતર્યામી પરમાત્માની ગતિને અર્થાત્ વ્યાપકતાને ધ્યાન યોગથી સંન્યાસી જોયા કરે.**

**તંત્રી સ્થાનેથી....**

## આજે પણ દેશમાં રાજકીય, સામાજિક અને ધાર્મિક બધા ક્ષેત્રોમાં પ્રબળ ક્રાંતિ જરૂરી છે

ભારત ભલે વિદેશી વ્યક્તિઓની ચુંગાલમાંથી મુક્ત થયો હોય પણ વિદેશી દુષ્ટોની કુટનીતિની પરંપરાથી મુક્ત થયો નથી. જ્યારે દેશ પરાધિન હતો ત્યારે દેશનના ધનને વિદેશીઓ લુંટીને પોતાના દેશમાં લઈ જતાં હતાં. આજે પણ દેશનું ધન લુંટાઈ રહ્યું છે અને વિદેશોમાં જમા થઈ રહ્યું છે. માત્ર લુંટવાવાળા બદલાયા છે. રાજનીતીમાં અસામાજિક તત્વોનો પગપેસારો તથા નિષ્ઠાવાન લોકોની ઉદાસીનતાને કારણે દેશનું રાજકીય અધઃપતન થઈ રહ્યું છે.

સામાજિક દ્રષ્ટિએ તો અગાઉ કરતાં પણ વધારે વૈમનસ્ય જોવા મળે છે. સરકારની અનામતની અન્યાયકારી નીતિને કારણે જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચે વેરભાવ ઉભો થઈ ગયો છે. વિજ્ઞાન જ્યારે અવનવી શોધોના માધ્યમથી સૃષ્ટિ રચનાના કોયડાને ઉકેલવા મથામણ કરી રહ્યાં છે ત્યારે બીજી તરફ ભૂત-પ્રેત, ફલિત જ્યોતિષ, રાશી ફળ, ચોઘડીયુ, મુહુર્ત જેવા અવૈજ્ઞાનિક, અતાર્કીક પાંખડોમાં સમાજ ફસાયેલો જોવા મળે છે.

દયાનંદ સરસ્વતી જ્યારે જીવીત હતાં ત્યારે દેશ પરાધિન હતો. તેમની પ્રેરણાથી સેંકડો નહી હજારો વ્યક્તિઓએ આઝાદીની લડતમાં નોંધપાત્ર યોગદાન આપ્યું. દેશ માટે પ્રાણોની આહુતિ આપનાર, ક્રાંતિકારીઓમાં મોટા ભાગના લોકો આર્યસમાજ સાથે જોડાયેલા હતાં. આર્યસમાજ એટલે ક્રાંતિનું બીજુ નામ. આજે આર્યસમાજની ક્રાંતિકારી ગતિવિધીઓમાં ઓટ આવી ગઈ છે. દેશ સ્વતંત્ર થયા પછી કદાચ આર્યસમાજીઓએ એવું માની લીધુ છે કે મહર્ષિ દયાનંદનું સ્વપ્ન સાકાર થઈ ગયું આ એક બહુ મોટી ભ્રાંતિ છે.ધાર્મિક અંધપરંપરાઓ પણ બેરોકટોક ચાલી રહી છે. આવા સમયે મહર્ષિ દયાનંદના શિષ્યો કેવી રીતે નિષ્ક્રિય રહી શકે ? જે લોકો સમાજમાં વિવિધ પદ ઉપર બિરાજમાન છે તે લોકોએ મહર્ષિ દયાનંદના અધુરા કાર્યોને પૂર્ણ કરવાનો સંકલ્પ લઈ યોજનાબદ્ધ રીતે સંગઠિત થઈ તે જ ક્ષણે કાર્યનો પ્રારંભ કરી દેવો જોઈએ..

# સુખ ચાહનાર વ્યક્તિએ યજ્ઞ કરવો જોઈએ

જળ, વાયુ, અન્ન, ઔષધિ વગેરેની શુદ્ધિ - પ્રયોજન સિદ્ધ કરવા અગ્નિમાં જે આહુતિઓ નાખવામાં આવે છે, તેમને 'અગ્નિહોત્ર' કહેવાય છે. અગ્નિદેવ પોતાનામાં નાખેલી આહુતિને વિશેષ ગુણકારી બનાવી વાયુ અને પ્રકાશરશ્મિનાં માધ્યમથી સર્વત્ર ફેલાવી દે છે. પોતાની પાસે કંઈક રાખ્યા વગર વિશિષ્ટ કરી, સૂક્ષ્મ કરી સર્વત્ર શુદ્ધિ=સત્વ=પવિત્રતાનું વાતાવરણ ઊભું કરે છે. આ કર્મકાંડ આપણને સંકેત કરે છે કે જે માનવી અગ્નિની જેમ જ પવિત્ર બનશે તો પરમાત્માને પ્રાપ્ત કરવાની યોગ્યતા મેળવશે અને જગતમાં માનસિક સ્તરે વ્યાપી રહેલી વૈચારિક પ્રદૂષણતાને પણ નિર્મૂળ કરવામાં અગ્નિની જેમ જ અનિવાર્ય નિમિત્ત બની શકશે. અગ્નિ જેમ બીજા પદાર્થોનાં દોષો નષ્ટ કરવામાં સમર્થ છે તેમજ અગ્નિસ્વરૂપ પરમાત્મા અને વિદ્વાન બીજા અવિદ્યા દોષથી દૂષિત વ્યક્તિઆનાં દોષો નષ્ટ કરવા અને વિદ્વાન બનાવી - કૃતકૃત્ય કરવા સમર્થ છે.

વેદમંત્રોમાં હવન=દેવયજ્ઞ=અગ્નિહોત્ર કરવા સ્પષ્ટ આદેશો આપવામાં આવ્યાં છે. આ મંત્રોનું વિવરણ અત્રે ઉલ્લેખનીય છે.

**ओं समिधार्ग्नि दुवस्यत घृतैर्बोधयतातिथिम् ।**
**आस्मिन् हव्या जुहोतन स्वाहा ।** यजुर्वेद ।अ-३। मं सं-१

**सुसमिद्धाय शोचिषे घृतं तीव्रं जुहोतन ।**
**अग्ने जातवेदसे स्वाहा ।** यजुर्वेद । अ-३। मं सं-२

**ओं तन्त्वा समाद्भिरङ्गिरो घृतेन वर्द्धयामसि ।**
**बृहच्छोचा यविष्ठ्य स्वाहा ।** यजुर्वेद । अ-३। मं सं-३

ઓં=હું સર્વરક્ષક પરમેશ્વરને સ્મરણ કરતો વેદનાં આદેશનું કથન કરું છું કે હે મનુષ્યો !(સમિધા)સમિધા વડે (અગ્નિમ્) યજ્ઞાગ્નિની (દુવસ્યત) સેવા કરો = શ્રદ્ધાભાવ પૂર્વક હવન=યજ્ઞ=અગ્નિહોત્ર કરો. (ધૃતૈઃ) ઘીની આહુતિઓ વડે ગતિશીલ, અગ્રણી અને અતિથિની જેમ પ્રથમ સેવનીય =સત્કરણીય યજ્ઞાગ્નિને (બોધયત) જગાડો=પ્રબુદ્ધ કરો. (અસ્મિન્) આ અગ્નિમાં (હવ્યા) હવ્ય પદાર્થોને (હવન સામગ્રી) (આ જુહોતન) સમ્યક્ રીતે = સારી રીતે સમર્પિત કરો = પ્રદાન કરો. (અહીં સ્પષ્ટ ઈશ્વરીય આદેશ છે)

(જાતવેદસે અગ્નયે) સારી રીતે પ્રદીપ્ત (શોચિષે) જવાલાઓથી યુક્ત (જાતવેતસે અગ્નયે) વસ્તુમાત્રમાં વ્યાપ્ત અને પ્રકાશક અગ્નિ માટે આહુતિઓ પ્રદાન કરો. (અહીં સ્પષ્ટ ઈશ્વરીય આદેશ છે)

(અઙ્ગિરઃ) હે તીવ્ર પ્રજ્વલિત યજ્ઞાગ્નિ ! (તં ત્વા )તમને (અમે) (સમિદ્ભિઃ) સમિધાઓ વડે (ધૃ-તેન) ધૃતાહુતિઓથી (વર્ધયામાસિ) વૃદ્ધિને પ્રાપ્ત કરાવી રહ્યા છીએ (યવિષ્ઠ્ય) હે પદાર્થોને મિશ્રિત અને પૃથક્ કરવાની મહાન શક્તિથી સમ્પન્ન અગ્નિ ! તમે (બૃહત્ શોચઃ) અત્યંત પ્રદીપ્ત થાઓ. (અગ્નિનું સામર્થ્ય અભિવ્યક્ત કરવાનું સંકેત, આ મંત્રમાં છે)

વેદ અષૌરૂષેય છે. ઈશ્વરીય વાણી છે. સ્વતઃ પ્રમાણ છે. સાર્વભૌમિક સંવિધાન છે. પૃથિવી ઉપર વસતાં મનુષ્યમાત્રનાં કલ્યાણાર્થે લાગુ પડે છે. ઈશ્વરનાં અસ્તિત્વને સ્વીકાર કરતો માનવી ઈશ્વરનાં આદેશોની અવહેલના કેવી રીતે કરી શકે ? જો ઈશ્વરીય આદેશ પ્રત્યે દુર્લક્ષ હોય તો ખરા અર્થમાં તે આસ્તિક



**વેદવાણી**
**-અવધેશપ્રસાદ પાંડેય (ગાંધીનગર) - ૦૨**

કહેવાય ખરો ? ઉપરોક્ત વેદમંત્રમાં સમિધા અને ઘી વડે અતિથિની જેમ યજ્ઞાગ્નિનું આતિથ્ય કરવા આદેશ આપવામાં આવ્યો છે. સમિધામાં અધિષ્ઠિત અગ્નિ, ઘી વડે વૃદ્ધિને પ્રાપ્ત કરી સંસારનું ભૌતિક તેમજ આધ્યાત્મિક ઉન્નતિ માટે ઉત્તમ સાધન બને છે.

જેવી રીતે ગતિશીલ વિદ્વાન અતિથિનો શ્રદ્ધાપૂર્વક ઉત્તમ પદાર્થો વડે સત્કાર=પૂજા કરવાથી તે તૃપ્ત થાય છે અને પરિણામ સ્વરૂપે આપણને પોતાનાં ગુણોથી લાભાન્વિત કરે છે. તેવી જ રીતે અતિથિરૂપ અગ્નિને ઈષ્ટ પદાર્થોની આહુતિ આપવાથી તે પોતાનાં ગુણોથી સમસ્ત લોક-જગતને તૃપ્ત કરે છે.

'અગ્નિ 'હુતાશન' છે. આહૂત દ્રવ્યોને ગ્રહણ કરનાર અગ્નિ સૌનું પોષક દ્રવ્ય છે.'

स्वर्गकामो यजेत = સુખ ચાહનારવ્યક્તિઓને યજ્ઞ કરવા જોઈએ. સમિધા વનસ્પતિજ દ્રવ્ય છે. ઘી 'પશુજન્ય' દ્રવ્ય છે. હવ્ય-

### જે ઘરોમાં નિત્ય હવન થાય છે, તે ઘરોમાં સ્વર્ગ-લોક જેવી 'સુખ સમ્પદા' સ્પષ્ટ જોઈ શકાય છે.

સામગ્રી પૃથિવીજન્ય દ્રવ્ય છે. વનસ્પતિ, પશુ અને કૃષિ દ્વારા નિષ્પન્ન પદાર્થોનું યથાયોગ્ય સંગતિકરણ કરી અગ્નિમાં નાંખવાથી તે સૂક્ષ્મ થઈ વધારે કલ્યાણકારી સિદ્ધ થાય છે. સૃષ્ટિમાં ઉપસ્થિતિ પશુ-જગત, વનસ્પતિ જગત તેમજ કૃષિ-જગતનું પરસ્પર સંકલન = સહયોગ યજ્ઞરૂપ છે. કોઈપણનું અભાવ યજ્ઞને ખંડિત કરશે, પરિણામે ઈશ્વરીય વ્યવસ્થામાં અવરોધ ઉભું થશે.

'यज्ञो वै भुवनस्य नामि : = સમસ્ત બ્રહ્માંડનું સંચાલન યજ્ઞસ્વરૂપ જ છે'

શુષ્ક સમિધા, અગ્નિને ધારણ કરી ધૃત વડે વધારે પ્રદીપ્ત બને છે, તેમજ અશુદ્ધિઓને ધારણ કરનાર દુષ્ટ વ્યક્તિ યજ્ઞરૂપ તપ વડે શુદ્ધ બની ઈશ્વરીય ધૃતરૂપ પ્રેરણા વડે વધારે જ્ઞાનવાન બની કૃતાર્થ થઈ જાય છે. પોતાનાં વિશેષ ગુણ-કર્મ-સ્વભાવ વડે સર્વત્ર સુગન્ધિ ફેલાવી સુખ-સમૃદ્ધિનું સમ્રાજ્ય સ્થાપિત થાય તેવી અહિર્નિશ ચેષ્ટા કરે છે. આવા માનવીયો જ ખરા અર્થમાં ધાર્મિક = ન્યાયકારી = સાર્વભૌમ કહેવાય છે.

યજ્ઞ=હવન પ્રત્યક્ષ સ્વર્ગરૂપ સ્થૂળ કર્મ છે, જે આધ્યાત્મિક સ્વર્ગ= સુખની ઝાંખી કરાવનાર પ્રાવેશિક ધર્મકાર્ય છે. દેવયજ્ઞ દ્વારા યોગાભ્યાસી સૂક્ષ્મ દેવ = મહાદેવ પરમાત્મા તરફ આકર્ષાતો જાય છે. ફક્ત કર્મકાંડ સુધી મર્યાદિત રાખનાર, આ કર્મ નથી, પરંતુ માણસને પરમસુખનાં આશ્રય પરમાનનંદ સ્વરૂપ પરમાત્મા સુધી ઉંચકી જનાર આ 'શ્રેષ્ઠતમમ્' કર્મ છે.

આ યજ્ઞકર્મ ગૃહસ્થ દ્વારા છૂટી જવાથી સર્વત્ર નરક=દુઃખ જ જોવા મળે છે. જે ઘરોમાં નિત્ય હવન થાય છે, તે ઘરોમાં સ્વર્ગ-લોક જેવી 'સુખ-સમ્પદા' સ્પષ્ટ જોઈ શકાય છે તેથી દરેક ધાર્મિક મનુષ્ય નિત્ય હવન કરવા મંગળ સંકલ્પ ધારણ કરી ઈશ્વરીય આદેશનું પાલન કરી, પોતાની અખંડિત અને પવિત્ર શ્રદ્ધાયુક્તભક્તિને અભિવ્યક્ત કરે. (સંપૂર્ણ)

**વૈદિક** પાન ૩નું શેષ...

તથા આચાર્ય આનન્દપ્રકાશજી ૧ અરબ ૯૭ કરોડ વર્ષના પક્ષમાં હતા એમનું માનવું હતું કે, ૧૦૦૦ ચતુર્યુગિયોની એક સૃષ્ટિ હોય છે જેમાં ત્રણ ત્રણ ચતુર્યુગિઓનો ક્રમશઃ સૃષ્ટિ-નિર્માણ અને વિનાશ થાય છે. આચાર્ય્ રવિન્દ્રજીને વિવિધ પ્રમાણો સાથે ૧ અરબ ૯૬ કરોડ વર્ષના પક્ષમાં હતા. આચાર્ય જ્ઞાનેશ્વરજીએ કહ્યું હતું કે, બંને પક્ષ પોત-પોતાની જગ્યાએ સાચા છે. પ્રથમ જ્યાં જીતોત્પતિનો સમય છે ત્યાં બીજો એ માનવ તથા જીવતોત્પતિનો છે.

ત્રીજા સત્રની અધ્યક્ષતા આચાર્ય સત્યપ્રકાશજીએ કરી હતી અને તેનું સંચાલન આચાર્યા સુખદાજીએ કર્યું હતું. શરીરના સ્વરૂપનું કારણ શું છે ? આ વિષયની જીજ્ઞાસાનું સમાધાન કરતાં શ્રી રામચંદ્રજીએ (સોનીપત) પૂર્વાપર પ્રસંગ અનુસાર એને મુળ-પ્રકૃતિ બતાવ્યું હતું. અને આચાર્ય સત્યજિતજીએ સપ્રમાણ ઈશ્વરને જ બધા જીવોનું કારણ શરીર બતાવ્યું હતું. મિથ્યા-જ્ઞાન ક્યાં રહે છે? તેના પ્રત્યુતરમાં આચાર્ય આનંદપ્રકાશજીએ કહ્યું હતું કે, ક્યાંય રહેતું નથી. પરંતુ જીવ અલ્પજ્ઞ હોવાને કારણે પ્રકૃતિના સંપર્કમાં જીવ આવવાથી તે જીવમા ઉત્પન્ન થાય છે. સ્વામી વેદપતિજીના કર્મ-ફળ તથા ઈશ્વર-કૃપા વિષયક પ્રશ્નનો તથા શ્રી રાજેશજી ભાગવતના ઉપાસના વિષયક પ્રશ્નનો પણ વિદ્વાનો-સાધકો દ્વારા સમાધાન કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

ચોથા સત્રમાં યજ્ઞ બાદ પૂજ્ય સ્વામી સત્યપતિજીએ પોતાના ઉદ્બોધનમાં કહ્યું હતું કે મનુષ્ય જીવનની સફળતા ઈશ્વર પ્રાપ્તિ કરી લેવામાં જ છે.

આત્માના સ્વરૂપના વિષયવાળા ચોથા સત્રની અધ્યક્ષતા આચાર્ય આનન્દપ્રકાશજીએ કરી હતી અને સંચાલન આચાર્ય સનત્કુમારજીએ કર્યું હતું. સર્વસંમતિથી બધા જ વક્તાઓએ આત્માને સપ્રમાણ નિરાકાર સિદ્ધ કર્યો.

મોક્ષપૂર્વ કર્માશયની સ્થિતિ વિષયક પાંચમા સત્રની અધ્યક્ષતા સ્વામી ઋતસ્પતિજી તથા સંચાલન આચાર્યા શીતલજીએ કર્યું હતું. આચાર્ય સત્યજીતજી તથા આચાર્ય શીતલજીએ મોક્ષમાં જતા પૂર્વ કર્માશયની પૂર્ણ સમાપ્તિ જઈ જાય તેના પક્ષમાં હતા. જ્યારે આચાર્ય આનન્દપ્રકાશજીએ કર્માશયની સમાપ્તિ ન હોવાનો પક્ષ રજુ કર્યો હતો. અને પોતાના પ્રમાણ પ્રસ્તુત કર્યા હતા.

કોઈ નવું કાર્ય અને વિચાર વિષયક છઠ્ઠા સત્રની અધ્યક્ષતા સ્વામી અમૃતાનન્દજીએ તથા સંચાલન આચાર્ય હરીશજીએ કર્યું હતું. કેરાલાથી પધારેલા યુવા વિદ્વાન શ્રી આનન્દજીએ તેમના દ્વારા મલયાલમ ભાષામાં અનુવાદિત આર્ષ ગ્રંથોની જાણકારી આપી હતી. આચાર્ય સંદિપજીએ હરિયાણાના વિદ્યાલયોમાં થઈ રહેલા વેદ પ્રચારથી બધાને માહિતગાર કર્યા હતા. આચાર્ય સનત્કુમારજીએ શબ્દાર્થ સંબંધ દ્વારા વેદની સત્ય વિદ્યાઓ પ્રાપ્ત કરવા આહ્વાન કર્યું હતું. કોમ્પ્યુટર વિશેષજ્ઞ પ્રો. શત્રુંજય જી રાવતે હૈદરાબાદ સ્થિત ટ્રિપલ આઈ.ટી. સંસ્થામાં સ્વ-પ્રયાસથી વૈદિક દર્શનોની કક્ષા શરુ કરી હોવાની જાણકારી આપી હતી. સ્વામી અમૃતાનન્દજીએ વધુમા વધુ યોગ શિબિરોના આયોજન કરવાની આવશ્યકતા જણાવી હતી. બ્ર. અરૂણજીએ ઋષિ પ્રદર્શિત ધ્યાન-યોગ પાઠ્યક્રમ વિકસિત કરવાની સુચના આપી હતી.

સાતમા સત્રની શરુઆતમાં યજ્ઞ બાદ પૂજ્ય સ્વામી સત્યપતિજીએ પોતાના ઉપદેશમાં કહ્યું હતું કે, દુઃખ છોડવા યોગ્ય છે અને ઈશ્વર તથા મોક્ષ પ્રાપ્ત કરવા યોગ્ય છે.

જીવાણુ અને વિષાણુ વગેરે સજીવ છે કે નિર્જીવ તથા તે ભોગ શરીર છે કે નહિં ? આ વિષય વાળા અંતિમ સત્રની અધ્યક્ષતા આચાર્ય આનન્દપ્રકાશજીએ કરી હતી અને સંચાલન આચાર્ય આશીષજી દ્વારા કરવામાં આવ્યું હતું. આ વિષય ઉપર આચાર્યા સુખદાજી આચાર્ય સનત્કુમારજી, આચાર્યા શીતલજી તથા આચાર્ય સત્યજિતજીએ પોતાના વિચારો પ્રસ્તુત કર્યા હતા. તમામે જીવાણુ આદિને સજીવ માન્યા હતા અને હાનિ પહોંચાડનાર જીવોને નષ્ટ કરવાની વેદાજ્ઞા હોવાને કારણે પાપ ન લાગે તેવા વિચારો રજૂ કર્યા હતા. વિષાણું (વાયરસ)ને સજીવ યા નિર્જીવ માનવા પર એકમત થઈ શક્યો ન હતો.

આઠમાં સમાપન સત્રની અધ્યક્ષતા આચાર્ય જ્ઞાનેશ્વરજીએ કરી હતી અને સંચાલન આચાર્ય સત્યજિતજી એ કર્યું હતું. આ સત્રમાં સૌપ્રથમ આચાર્ય આશીષજીએ ન્યાસની આગામી યોજનાઓની માહિતી આપી હતી. પૂજ્ય સ્વામી સત્યપતિજીએ પોતાના આશીર્વચનમાં કહ્યું હતું કે, સંગઠિત રહીને જ તમે તમારો પોતાનો તથા સંસારનો સર્વાધિક ઉપકાર કરી શકશો. આચાર્ય જ્ઞાનેશ્વરજીએ ન્યાસના ઉદ્દેશોને સદા યાદ રાખી અને પુરુષાર્થ કરવા આહ્વાન કર્યું હતું. અંતમાં સંગઠન સુક્ત તથા શાંતિપાઠના સુમધુર ગાયનથી આનંદોત્સાહ પૂર્વક સંગોષ્ઠીની પૂર્ણાહૂતિ થઈ હતી.

સંગોષ્ઠીના તમામ સત્રોમાં શ્રોતાઓની ભરપૂર ઉપસ્થિતિ તથા અભિરૂચી બની રહી હતી. આ સંગોષ્ઠીમાં વૈદિક આધ્યાત્મિક ન્યાસના સદસ્ય વિદ્વાનો ભાગ લઈ શકે છે. આર્યસમાજ માં નવોત્સાહ તથા જીવંતતા બનાવી રાખવાના સંકલ્પબદ્ધ આ મોટા ભાગના યુવા સદસ્યો દેશ-વિદેશમાં વૈદિક ધર્મના પ્રચાર-પ્રસારનું કાર્ય કરી રહ્યા છે. આ સંમેલનમાં એકત્રિત થઈને પરસ્પર જ્ઞાન-વિજ્ઞાન, અનુભવ, ઉત્સાહનું આદાન-પ્રદાન કરીને ભવિષ્ય માટે શ્રેષ્ઠતમ વિજ્ઞાન, સમર્પણ અને નવોત્સાહની સાથે આત્મોન્નતિ અને સમાજોન્નતિના સંકલ્પ સાથે તમામ લોકો પોત-પોતાના કાર્યસ્થળે પરત ફરી ગયા હતા. ઈશ્વર કૃપા તથા વાનપ્રસ્થ સાધક આશ્રમના આચાર્યો, કાર્યકર્તાઓ તથા બ્રહ્મચારીઓના અહર્નિશ પ્રયાસથી સંગોષ્ઠીનો આ કાર્યક્રમ સફળ રહ્યો હતો. તમામ આગન્તુક સદસ્યો માટે પ્રાતરાશ તથા ભોજન વગેરેની ઉત્તમ વ્યવસ્થા વાનપ્રસ્થ સાધક આશ્રમ દ્વારા કરવામાં આવી હતી.

**ગુજરાતી** પાન ૩નું શેષ...

जीवनी में रुचि रखने वालों के लिए इन शोध निबंधो की उपयोगिता निर्विवाद है। यहां यह ध्यातव्य है कि पं. आत्माराम अमृतसरी मूलतः पंजाब के निवासी थे, किन्तु बडौदा नरेश महाराजा सयाजीराव गायकवाड़ने उन्हें अपने राज्य की हरिजन पाठशालओं के निरीक्षक पद पर नियुक्त थे। तभी से उनका परिवार गुजरात का निवासी हो गया। उनके पुत्रों पं. शान्तिप्रिय तथा पं. आनन्द प्रिय तथा पुत्री शान्तिप्रिय ने गुजराती साहित्य को प्रबुद्ध किया। विशेषतः उनकी पुत्री कु. सुशीला आत्माराम ने अपने माता-पिता की जीवनी आदर्श दम्पती शीर्षक से लिखी। उनकी पौत्री डा. सरस्वती पण्डित (पुत्री पं. शान्तिप्रिय) ने आर्यसमाज की भारतीय शिक्षा को देन विषय पर अंग्रेजी में शोध प्रबंध The Contribution of Arya Samaj to Indian Education शिर्षक से लिखा था जो सार्वदेशिक सभा द्वारा छपा है। पं. आनंदप्रिय भी प्रायः लिखते थे। यहां हमने कतिपथ गुजराती लेखकों का सामान्य परिचय ही दिया है। इनका यथोपलब्ध परिचय हमने स्वरचित ग्रन्थ आर्यलेखक कोश मे विस्तार से दिया है। अब हम उन लेखको की कृतियों का परिचय देंगे जो उन गुजराती लेखको द्वारा लिखी गई है जो यों तो आर्यसमाज से औपचारिक रुप में सम्बद्ध नहीं रहे तथापि उनकी श्रद्धा आर्यसमाज और ऋषि दयानन्द के प्रति निर्विवाद थी।

गुरुकुल कांगडी के स्नातकों ने भारतीय साहित्य को समुन्नत करने में विशेष योगदान किया है। उनमें पं. शंकरदेव विद्यालंकार का नाम इस दृष्टि से उल्लेखनीय है कि उन्होंने विभिन्न भारतीय भाषाओं में लिखी गई उल्लेखनीय रचनाओं को हिन्दी पत्रो के माध्यम से हिन्दी भाषी पाठको तक पहुंचाया। पं. शंकर दुबे (१९०७ - १९८१) बलसाड जिले के एक गांव के निवासी थे। उन्होंने १९२८ में विद्यालंकार की उपाधि प्राप्त की तथा पर्याप्त समय तक अध्यापन किया। वे सेठ नानजी कालिदास मेहता द्वारा स्थापित पोरबंदर के महिला आर्ट्स कालेज के उपाचार्य भी रहें। इन पंक्तियों के लेखक को उन्होंने ऋषि दयानन्द का एक सर्वांग सुन्दर, साहित्यक गुण युक्त विवेचन प्रधान जीवन चरित लिखने के बार-बार प्रेरणा दी। फलतः १९८३ में नवजागरण के पुरोधा दयानन्द सरस्वती शीर्षक स्वामीजी का बृहद् जीवन चरित प्रकाश में आया।

यों तो गुजरात के आर्य साहित्य के प्रकाशकों की पृथक चर्चा होनी चाहिए तथापि यहां गुजराती में आर्य साहित्य के लेखक प्रकाशक श्रीकान्त भगतजी की चर्चा करना उपयुक्त है। श्रीकान्त भगत जी (१९१८ - १९८१) मुलतः बडौदा के निवासी थे। उन्होंने सूरत में आर्य सेवा संघ की स्थापना की तथा अनेक लघु पुस्तिकाएँ प्रकाशित की। 'बृहद गुजरात मां आर्यसमाज' एक महत्वपूर्ण मानक ग्रन्थ है जिसमें गुजरात में हुए आर्यसमाज विषयक कार्य का विस्तृत विवरण एकत्र किया गया है। ये संदर्भ ग्रन्थ है जो अपने विषय की प्रामाणिक जानकारी देता है।

यहां आर्य समाज से असम्बद्ध गुजराती लेखकों के कार्य विवरण देना भी आवश्यक है जो यद्यपि औपचारिक रुप से आर्यसमाज से नहीं जुडे तथापि उन्होंने अपनी मातृभाषा में आर्यसमाज तथा ऋषि दयानन्द से सम्बन्धित विषयों पर प्रामाणिक ग्रन्थ लिखे। सर्वप्रथम प्रसिद्ध राजनीतिज्ञ तथा सार्वजनिक नेता इन्दुलाल याज्ञिक का उल्लेख करेंगे जिन्होंने स्वामी दयानन्द के तेजस्वी शिष्य श्यामजी कृष्ण वर्मा का प्रामाणिक जीवन चरित अंग्रेजी में लिखा। पेशे से वकील याज्ञिक समाजवादी आंदोलन से जुडे थे और उन्होंने श्यामजी के जीवन का सर्वांगीण विवेचन इस ग्रन्थ में किया। हिन्दी में जो दो तीन जीवन चरित लिखे गए उनका आधार यही अंग्रेजी जीवन चरित है। जो श्यामजी के जीवन के सभी पहलुओं का प्रामाणिक सामग्री देता है।

जामनगर के निवासी डा. कमल पुंजाजी ने हिन्दी का पत्र साहित्य लिखकर पी.एच.डी. की उपाधि प्राप्त की। यथाप्रसंग स्वामी दयानन्द के पत्र साहित्य की विशद विवेचना की गई है। गुजराती के उपन्सास लेखकों में मेहसाना जिले के मूल निवासी डा. केशुभाई देसाई का नाम अग्रगण्य है। उन्होंने गुजराती कथा साहित्य को अपनी विशिष्ट कृतियों द्वारा समृद्ध किया है। डा. देसाई पेशे से चिकित्सक है किन्तु कथा लेखन उनकी विशिष्ट प्रवृत्ति है। ऋषि दयानन्द को विष देने वाले को कथा के केन्द्र बिन्दु में रखकर उन्होंने सुरज बुझाव्यानुं पाप नामक उपन्यास लिखा। शैली और अभिव्यक्ति की दृष्टि से इस उपन्यास की रोचकता निर्विवाद है। इन पंक्तियों के लेखक ने इसका हिन्दी अनुवाद किया है।

गुजराती लेखक और गम्भीर चिन्तक धनवन्त ओझा के स्वामी दयानन्द की एक विचारोत्तेजक संक्षिप्त जीवनी लिखी जो १९६२ में अहमदाबाद में छपी थी। दयानन्द विषयक चिन्तन को नया आयाम देने वाले तथा कार्लमार्क्स के विचारों से उनका तुलनात्मक अध्ययन प्रस्तुत करने वाले नरेन्द्र देव का उल्लेख इस प्रसंग में आवश्यक है। १९२९ में राजकोट में जन्मे नरेन्द्र दयानन्द तथा लेनिन के विचारों से समान रुप से प्रभावित थे। वे प्रखर चिंतक, मौलिक विचारक तथा गम्भीर विवेचक थे। मार्क्स अने दयानन्द, क्रान्ति गुरु दयानन्द, दयानन्द ए रिएसेसमेंट उनकी प्रमुख रचनाएं है जिनमें ऋषि के विचारों को एक दृष्टि से विवेचित किया गया है। गुजराती के मूल निवासी वसन्तराय जे. जोशी को इस बात का श्रेय जाता है कि उन्होंने आफ्रिका की स्वाहिली भाषा में ऋषि के जीवन को प्रस्तुत किया। यह १९५३ में प्रकाशित हुआ।

इस विवरण को रमणलाल देसाई लिखित उस प्रसिद्ध निबंध के उल्लेख से समाप्त करना चाहिए जो ऋषि दयानन्द के मूल्यांकन में अत्यन्त भावप्रवण शैली में लिखा था। इसकी उन पंक्तियां को प्रायः उद्धृत किया गया है जिसमें ऋषि दयानन्द के व्यक्तित्व की विशालता को भाव स्फूर्ति शैली में उभारा गया है। वस्तुतः यह एक व्याख्यान था जो देसाई द्वारा गुरुकुल रुप में दिया गया था। रमणलाल देसाई अपनी औचारिक कृतियों के कारण विख्यात है। उपर्युक्त पंक्तियों में गुजराती के लिखे आर्य वैदिक साहित्य की झांकी मात्र प्रस्तुत कि गई है। (शंकर कालोनी, श्री गंगानगर)



**ઘેર બેઠા ગુરૂકુલમાં લટાર મારો...**
www.santodhavramvedicgurukul.com

# गुजराती लेखकों की आर्य साहित्य को देन

डा. भवानी लाल भारतीय

ऋषि दयानंद ने आर्यसमाज की स्थापना उस बम्बई महानगर में की थी जहां प्रधानता चाहे मराठी-गुजराती समुदाय की थी किन्तु यहां दक्षीणात्य तथा उत्तर भारतीय (राजस्थान, उत्तरप्रदेश आदि) लोग भी पर्याप्त संख्या में रहते थे। यद्यपि गुजरात की भाषा गुजराती है तथापि एक ही परिवार और पडोस के प्रान्त की भाषा होने के कारण गुजरातवासियों का हिन्दी से पर्याप्त परिचय सदा से रहा है। यद्यपि आर्यसमाज का पर्याय साहित्य हिन्दी में लिखा गया किन्तु गुजराती मराठी तथा बंगला आदि आर्य भाषाओं में भी पर्याप्त आर्य साहित्य लिखा गया है। यहां हम मुख्यतः उस साहित्य की चर्चा करेंगे जो गुजरात मूल के लेखको ने गुजराती तथा हिन्दी में लिखा है।

स्वामी दयानंद का बम्बई प्रान्त में, पर्याप्त समय तक निवास का परिणाम निकलना स्वाभाविक ही था। महाराष्ट्र तथा गुजरात के अनेक नगरों में आर्यसमाज स्थापित हुए तथा पर्याप्त लोगों नें आर्यधर्म स्वीकार किया। गुजरात (खरसाड निवासी) के पं. कृष्णराम ईच्छाराम महाराज के इस प्रदेश में भ्रमण के दौरान पर्याप्त कार्य तक उनके साथ सहायक के रुप में रहे। उनके गुजराती में दिए व्याख्यान 'आर्यो जागृत हो' का हिन्दी अनुवाद १८९८ में प्रकाशित हुआ था। स्वामी जी के विख्यात शिष्य, संस्कृत के पदपण्डित पं. श्यामजी कृष्ण वर्मा यद्यपि भारत तथा यूरोप में मुख्यतः राजनैतिक गति विधियां में संलग्न रहे किन्तु उनका अध्ययन विशााल था। पं. श्याम जी ने प्राच्य विद्या परिषद के पांचवें अधिवेशन में संस्कृत एक जीवित भाषा विषय पर प्रभावशाली पत्रवांचन किया। इसके हिन्दी और उर्दू अनुवाद (प्राचीन भारत में फने तहरीर) भारत में छपे। गुजरात में अधिक प्रचलित स्वामी नारायण संप्रदाय के मुख्य ग्रन्थ शिक्षा पत्री पर 'शिक्षा पत्रीद्वान्त निवारण' नामक खण्डनात्मक ग्रन्थ स्वामी जी ने लिखा तो इसका गुजराती अनुवाद पं. श्यामजी ने किया था। उनके साले रामदास छबीलदास बेरीस्टर (छबीलदास लल्लूभाई के पुत्र) ने श्यामजी की भांती बम्बई में बालकेश्वर निवास के समय स्वामी जी संस्कृत का अध्ययन किया था। इंग्लेन्ड में रहकर उन्होंने बेरिस्टर की परीक्षा उत्तीर्ण की। वे संस्कृत के व्युत्पन्न कवि थे। ऋषि के निधन पर श्रद्धांजलि रुप में उन्होंने उत्कृष्ट २१ श्लोक लिखे। ये ऋषि के अनेक जीवनचरितों में दिए गए है। उन्होंने यद्मिनी नाम से एक चम्पू काव्य (गद्य पद्य का मिश्रण) भी लिखा था।

सेवकलाल कृष्णदास बम्बई आर्य समाज के वर्षो तक मंत्री रहें थे। आर्य समाज बम्बई के प्रथम पंजीकृत सदस्यों में उनका नाम संख्या ९२ पर अंकित है। जब ऋषि सत्यार्थप्रकाश का बारहवां जैन मत विषयक समुल्लास लिख रहे थे तो सेवकलाल ने ही उन्हें जैन मत के ये ग्रन्थ उपलब्ध कराए जो प्रायः अप्राप्य थे। उन्होंने अथर्ववेद संहिता का सम्पादित संस्करण तैयार किया जो सत्यनारायण प्रेस बम्बई से १८८४ में छपा। पं. मोहनलाल विष्णुलाल पाण्ड्या मूलतः गुजराती थे, किन्तु उनका जन्म मथुरा में हुआ था। वे उदयपुर राज्य में उच्च अधिकारी थे। स्वामी जी ने उन्हें स्वस्थापित परोपकारिणी सभा का सदस्य बनाया था। उनके द्वारा आर्यसमाज के दस नियमों की हिन्दी अंग्रेजी व्याख्या लिखी गई है। उनके लिखे कतिपय अन्य ग्रंथो (आर्य सिद्धान्त मार्तण्ड, ओंकार व्याख्यान आदि) के नाम भी मिलते हैं। विशद सूची देखें -आर्य लेखक कोशः डा. भारतीय पृ. २०६। शेठ दामोदर दास सुन्दरदास आर्यसमाज के प्रारम्भिक सदस्य थे। उनका लिखा मुम्बई आर्यसमाज का इतिहास (१९८९ दि. में प्रकाशित) बम्बई में आर्यसमाज की प्रारम्भिक गतिविधियों पर पर्याप्त प्रकाश डालता है। यह अब दुर्लभ ग्रन्थो की श्रेणी में है।

स्वामी जी ने जब बम्बई प्रकाश में बल्लभ सम्प्रदाय तथा पुष्टि मार्ग का प्रबल खण्डन किया तो वहाँ के कई भाटिया लोग जो इस सम्प्रदाय के अनुयायी थे, वैदिक धर्म अंगीकार करने लगे। इनमें दामोदर हरिदास का नाम मुख्य है। पर्याप्त समय तक पुष्टिमार्ग में रहने के कारण वे इस सम्प्रदाय के पाखण्डों से भली भाँती परिचित थे। आर्यसमाज बन जाने पर उन्होंने पुष्टिमार्ग के खण्डन में एक बृहद ग्रन्थ गुजराती में लिखा। रांची आर्य्समाज से मैं इसकी एक दुर्लभ प्रति प्राप्त कर सका था। बम्बई में रहते समय स्वामी जी का जिन सनातनी पंण्डितो से शास्त्रार्थ विषयक पत्र व्यवहार होता था, वे मूल पत्र भी इस ग्रन्थ में है। मैने इन्हे वेदवाणी के एक दयानन्द विशेषांक में अनूदित कर प्रकाशित कराया था।

गुनम्ची लेखकों में उच्चकोटि के शास्त्रज्ञ पंडित भी थे। पं. दयाशंकर शर्मा (१८८७-१९६९) दर्शनाचार्य थे। उनका जन्म सौराष्ट्र के लाठी कस्बे में हुआ। उन्होंने ऋषि दयानंद के सत्यार्थ प्रकाश, संस्कारविधि तथा गोकरुणा निधि का ..... अनुवाद किया। उनकी सबसे बडी देन षड्दर्शनों की गुजराती टीका है। मीमांसा दर्शन जैसे क्लिष्ट दर्शन की रावादी व्याख्या उन्होंने की है। पं. महाराजी शंकर शर्मा (१८८७ - १९३९) जूनागढ के निवासी थे। उन्होंने आर्य साहित्य के लेखन के अतिरिक्त गुजराती नाटक कम्पनियों के लिए कथा लेखन तथा संवाद लेखन भी किया। उनकी कन्योपनयन विधि प्रसिद्ध रचना है जिसमें स्त्रियों के उपनयन संस्कार की शास्त्रीयता को सिद्ध किया गया है। यह एक सनातनी पण्डित वीरभानु शर्मा की पुस्तक कन्योपनयन निधि के उत्तर में लिखी गई थी। विजय शंकर मूलशंकर जानी मूलतः जूनागढ राज्य के एक गांव के थे। १८९७ में उनका जन्म हुआ और प्रमुख कार्यक्षेत्र बम्बई रहा। उनके प्रयास से पं. अयोध्या प्रसाद को विश्व धर्म सम्मेलन में भाग लेने के लिए अमेरिका के शिकागो नगर में भेजा गया. स्वामी दयानन्द के जन्म स्थान तथा उनके परिवार विषयक तथ्यों को जुटाने में उन्होंने बहुत श्रम किया था। फलस्वरुप दयानन्द जन्म स्थान निर्णय जैसे अैतिहासिक तथ्यों से परिपूर्ण ग्रन्थ उन्होंने लिखा। उनके दार्शनिक ग्रन्थ भी उल्लेखनीय है - जगत् के उपादन कारण की समिक्षा (१९५५) तथा फिलोस्फी ओफ क्रिएशन (१९६४) उनकी प्रसिद्ध दार्शनिक रचनाएँ है।

अब कुछ अन्य गुजराती लेखकों के लेखन कार्य की चर्चा करें। नारी लेखकों में चंचलबेन माणेकलाल पाठक ने ऋषि दयानन्द की जन्मस्थली टंकारा को ही अपनी कर्मस्थली बनाया। १८८९ में जन्मी चंचल बेन का निधन १९६४ में टंकारा में ही हुआ। उनकी दार्शनिक कृति अगम् पंच के यात्री का आत्मदर्शन एक महत्वपूर्ण रचना है। अन्य उल्लेखयोग्य ग्रन्थ हैं - आदर्श जीवन, आपसी विचार सरणि तथा धर्म नुं स्वरुप अने जीवन साथे सम्बन्ध। चन्द्रकांत वेद वाचस्पति (१९०९ - १९५२) गुरुकुल कांगडी के स्नातक थे तथा गुरुकुल सोनगढ के आचार्य पद पर रहे। उन्होंने वेद वाचस्पति उपाधि के लिए शोधग्रन्थ लिखा वह 'वेद मंत्रो के यौगिक अर्थ' विषय पर था, परन्तु प्रकाशित नहिं हो सका। चन्द्रशंकर नर्मदाशंकर पण्ड्या को इस बात का श्रेय है कि उन्होंने पं. गुरुदत्त विद्यार्थी की जीवनी गुजराती में लिखी। इसका प्रकाशन १९१४ में हुआ। इसमें पं. गुरुदत्त के लेखों का सार भी है। जीवनलाल श्यामजी राठोड का जन्म भावनगर में १९१७ में हुआ। आपने ऋषि दयानन्द का जीवन चरित गुजराती में लिखा जो १९६७ में छपा। इसके अतिरिक्त आपने लाल लाजपतराय की जीवनी भी लीखी। वे लेखक, कवि और पत्रकार भी थे।

वर्तमान गुजराती लेखकों में वैद्य दयाल जी परमार का नाम महत्वपूर्ण है। मुलतः टंकारा के निवासी है ( जन्म १९३४) इन्होंने आयुर्वेद का विशद अध्ययन किया है और जामनगर के आयुर्वेद महाविद्यालय में प्राध्यापक रहे हैं। आपने ऋषि दयानन्द के अनेक ग्रन्थो का गुजराती में अनुवाद किया है- ऋषि कृत वेद भाषा आंशिक उपदेश मंजरी तथा ऋषि दयानन्द की आत्मकथा/ऋषि जीवन विषयक अन्वेषण में आपकी गहरी रुचि है। जब मेरा ग्रन्थ नवजागरण के पुरोधा १९८३ में प्रकाशित हुआ तो उसमें ऋषि के गृहत्याग तथा बाद के उनके भ्रमण विषयक अनेक तथ्यों पर आपने मुझे जानकारी दी। उनकी एतद्विषयक लेखमाला वेदवाणी (१९८६) आर्यजगत में छपी। आपके अन्य अनेक ग्रन्थ प्रकाशित हुए है।

सुरत में १९०१ में जन्मे दिनेश नर्मदा शंकर त्रिवेदी ने स्वभाषा में स्वामी श्रद्धानंद का एक श्रेष्ठ जीवनचरित लिखा है। गुरुकुल कांगडी में प्रविष्ट होने वाले ये प्रथम गुजराती छात्र थे।

डा. दिलीप वेदालंकार (जन्म १९३६) आणंद जिले के मोगर ग्राम में हुआ। १९६० में गुरुकुल कांगडी से वेदालोकार की उपाधि प्राप्त की तथा दिल्ली विश्वविद्यालय से वेदो में मानववाद विषय पर शोध प्रबंध लिखकर पी.एच.डी की उपाधि प्राप्त की। आर्य कन्या महाविद्यालय बडौदा में संस्कृत के प्राध्यापक रहे। दो वर्ष पूर्व आपका निधन शिकागो (यु.एस.ए.) में हो गया। आपने सत्यार्थ प्रकाश के गुर्जर अनुवाद का संशोधन एवं परिष्कार का श्रम साध्य कार्य किया। यह संशोधित गुजराती अनुवाद १९७५ में प्रकाशित हुआ है। गायत्री रहस्य, दयानन्द वाणी, दयानन्द चरित अदि आपकी अन्य रचनाएँ है।

न केवल गद्य लेखको ने ऋषि दयानन्द तथा आर्यसमाज पर अपनी कलम चलाई अपितु गुर्जर कवियों ने ऋषि की यशोगाथा का गान काव्य की रीति से किया। एक ऐसे ही कवि थे दुलेराम काराणी। १८९६ में कच्छ के मुन्द्रा में जन्मे दुलेराम की शिक्षा मेट्रीक तक हुई। कच्छ राज्य के शिक्षा विभाग में कार्य करने के पश्चात वे अहमदाबाद में रहें। २६ फरवरी १९८९ को उनका निधन हो गया। उन्होंने दयानन्द बावनी शीर्षक से ५२ ललित कवित छन्द में ऋषि महिमा का गान किया। वे नागरी तथा गुजराती दोंनो लिपियों में प्रकाशित हुई गुजरात आर्य प्रतिनिधि सभा के एक ट्रस्टी नटवरलाल दुबे ने ऋषि दयानन्द की आत्म कथा वाले पुणे प्रवचन का गुजराती अनुवाद महर्षि दयानन्द स्वयं कथित जीवन चरित शीर्षक से किया जो १९८२ में प्रकाशित हुआ।

गुजरात के गुरुकुल कांगडी में शिक्षित नित्यानंद पटेल वेदालंकार का महत्वपूर्ण स्थान है। १९१३ में जन्मे पं. नित्यानंद प्रसिद्ध आर्य प्रकाशक श्री गोविन्दराम (गोविन्दराम हासानन्द) के दामाद थे। अध्यापन के कार्य में लगे हुए पं. वेदालंकार आर्य सहिला कालेज पोरबंदर के प्राचार्य भी रहे। १९९८ में उनका निधन हुआ। उनकी संध्या व्याख्या पर लिखी दो पुस्तके संध्या सुमन तथा संध्या विनय चर्चित रहीं। ये ग्रन्थ हिन्दी में है।

ऋषि दयानंद के आत्मकथा परक पुणे में दिए गये व्याख्यान को सर्वप्रथम गुजराती में अनुदित करने वाले बलवन्तराव कल्याणराव ठाकोर राजकोट के उस राजकुमार कोलेज में प्रोफेसर रहें थे। जहाँ किसी समय ऋषि दयानन्द ने छात्र एवं अध्यापक समुदाय के समक्ष भाषण दिया था। स्वामी दयादन्द स्वरचित (कथित) जीवन वृतान्त शीर्षक यह १९१४ में बडौदा से प्रकाशित हुआ। इसकी भूमिका देवेन्द्रनाथ मुखोपाध्यायने लिखी थी जो ऋषि जीवन के गवेषक थे। पं. मदनशंकर जयशंकर त्रिवेदी पुरानी पीढ़ी के विद्वान थे। ये आर्यसमाज मुम्बई के प्रारम्भ कालीन सभासद थे। वे ऋषी के समकालीन थे तथा उन्होंने महाराज के दर्शन भी किए थे। सत्यार्थप्रकाश तथा ऋग्वेदादि भाष्य भूमिका गुजराती में प्रथम अनुवाद करने का श्रेय उन्हें ही है। ये दोनों अनुवाद १९०४ में छपे थे।

गुरुकुल कांगडी के गुजराती स्नातक में महेन्द्रनाथ वेदालंकार का नाम भी उल्लेख योग्य है। इन्होंने कुछ हिन्दी ग्रन्थो का गुजराती में अनुवाद किया था। रतनसिंह दीपसिंह परमार ने स्वामी सरस्वती जी जीवनचरित शीर्षक से एक संक्षिप्त जीवनी लिखी जो १९१६ में प्रकाशित हुई।

ऋषि दयानन्द के जीवन चरित के विभिन्न पहलुआँ पर विचार करने वालों मे प्राध्यापक विपिनचन्द्र त्रिवेदी (जन्म १९४६) पेशे से अर्थशास्त्र के अध्यापक है। आपके दयानन्द जीवन विषयक निम्न शोध प्रबन्ध वेदवाणी के दयानंद विशेषांको में छपे है- १. महर्षि दयानंद का बम्बई शास्त्रार्थ और पं. जयकृष्ण व्यास २. म. दयानन्द और पं. गडूलाल ३. महर्षी के गुजराती भक्त - मथुरदास लवजी ४. लाला भक्त, सामला और ब्र. शुद्ध चैतन्य। ऋषि की

(અનુ. પાન ૨ પર)

## दृते दृँ॑ह मा मित्रस्य मा चक्षुषा सर्वाणि भूतानि समीक्षन्ताम्। मित्रस्याहं चक्षुषा सर्वाणि भूतानि समीक्षे। मित्रस्य चक्षुषा समीक्षामहे।।

(यजु० अ.३६/मं.१८)

**ऋषि दयानंद वेद-पदार्थ, भावार्थ, व्याख्यान प्रदिप**

२७ संकलन : स्वामी ध्रुवदेवजी परिव्राजक
ઉપાધ્યાય, દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડ

**पदार्थ १ :-**

(**दृते**) अविद्यान्धकारनिवारक जगदीश्वर विद्वन् वा ! जिससे (**सर्वाणि**) सब (**भूतानि**) प्राणी (**मित्रस्य**) मित्र की (**चक्षुषा**) दृष्टि से (**मा**) मुझको (**सम्, ईक्षन्ताम्**) सम्यक् देखें (**अहम्**) मैं (**मित्रस्य**) मित्र की (**चक्षुषा**) दृष्टि से (**सर्वाणि, भूतानि**) सब प्राणियों को (**समीक्षे**) सम्यक् देखूँ इस प्रकार सब हम लोग परस्पर (**मित्रस्य**) मित्र की (**चक्षुषा**) दृष्टि से (**समीक्षामहे**) देखें इस विषय में हमको (**दृँ॑ह**) दृढ़ कीजिए। (ऋ.दया. कृत यजुर्वेदभाष्य)

**पदार्थ २ :-**

हे (**दृते**) सर्वदुःखविदारक परमात्मन् ! तू (**मा**) मुझको संन्यास धर्म में (**दृँ॑ह**) बढ़ा। हे सर्वमित्र ! तू (**मित्रस्य**) सर्वसुहृद् आप्तपुरुष की (**चक्षुषा**) दृष्टि से (**मा**) मुझको सब का मित्र बना। जिससे (सर्वाणि) सब (**भूतानि**) प्राणिमात्र मुझको मित्र की दृष्टि से (**समीक्षन्ताम्**) देखें और (**अहम्**) मैं (**मित्रस्य**) मित्र की (**चक्षुषा**) दृष्टि से (**सर्वाणि भूतानि**) सब जीवों को (**समीक्षे**) देखूँ। इस प्रकार आप की कृपा और अपने पुरुषार्थ से हम लोग एक दूसरे को (**मित्रस्य चक्षुषा**) सुहृद्भाव की दृष्टि से (**समीक्षामहे**) देखते रहें।

(संस्कार विधि)

**व्याख्यान १ :-**

इस मन्त्र का अभिप्राय यह है कि मनुष्य लोग आपस में सब प्रकार के प्रेमभाव से सब दिन वर्त्तें। और सब मनुष्यों को उचित है कि जो वेदों में ईश्वरोक्त धर्म है, उसी को ग्रहण करें और ईश्वर से प्रार्थना करनी चाहिए जिससे धर्म में निष्ठा होवे। जैसे -

हे (**दृते**) सब दुःखों का नाश करने वाले परमेश्वर ! आप मेरे उपर ऐसी कृपा कीजिये कि जिससे मैं सत्यधर्म को यथावत् जानूँ (**मित्रस्य मा चक्षुषा सर्वाणि०**) और सब प्राणी मुझ को पक्षपातरहित मित्र की दृष्टि से प्रेमभाव से सदा देखें अर्थात् मेरे मित्र या बन्धु हो जायें। ऐसी इच्छा से युक्त (**दृँ॑ह मा**) मुझको सत्य सुख और शुभ गुणों से सदा बढ़ाईये। (**मित्रस्याहं चक्षुषा सर्वाणि०**) इसी प्रकार से मैं भी सब मनुष्यादि प्राणियों को प्रेम बुद्धि से देखूँ अर्थात् अपना मित्र जानूँ और हानि, लाभ, सुख और दुःख में अपने आत्मा के समतुल्य ही सब जीवों को मानूँ (**मित्रस्य चक्षुषा समीक्षामहे**) हम सब लोग आपस में मिलके सदा मित्रभाव रखें और सत्यधर्म के आचरण से सत्यसुखों को नित्य बढ़ावें। जो ईश्वर का कहा यह धर्म है, यही एक सब मनुष्यों को मानने के योग्य है। (**ऋ.भा.भू. वेदोक्तधर्मविषय**)

**व्याख्यान २ :-**

हे अनन्तबल महावीर ईश्वर ! ''दृते'' हे दुष्टस्वभाव नाशक ! विदीर्ण कर्म अर्थात् विज्ञानादि शुभ गुणों का नाशकर्म करने वाला मुझको मत रखो (मत करो) किन्तु उससे मेरे आत्मादि को विद्या, सत्य धर्मादि शुभ गुणों में सदैव अपनी कृपा=सामर्थ्य से स्थित करो।

''दृँ॑ह मा'' हे परमैश्वर्यवन् भगवन् ! धर्मार्थकाममोक्षादि तथा विज्ञानादि दान से अत्यन्त मुझको बढ़ा।

''मित्रस्य मा चक्षुषा सर्वाणि०'' हे सर्वसुहृदीश्वर सर्वान्तर्यामिन् ! सब भूत प्राणिमात्र मित्रदृष्टि से यथावत् मुझको देखें सब मेरे मित्र हो जायें, कोई मुझसे किञ्चिन्मात्र भी वैर न करे।

''मित्रस्याहं चक्षुषा सर्वाणि भूतानि०'' हे परमात्मन् ! आप की कृपा से मैं भी निर्वैर होके सब भूत प्राणी और अप्राणी चराचर जगत् को मित्रदृष्टि से अपने प्राणवत् प्रिय जानूँ, अर्थात् ''मित्रस्य, चक्षुषेत्यादि'' पक्षपात छोड़कर के सब जीव देहधारीमात्र अत्यन्त प्रेम से परस्पर अपना वर्त्ताव करें।

अन्याय से युक्त होके किसी पर कभी हम लोग न वर्त्तें। यह परमधर्म का सब मनुष्यों के लिये परमात्मा ने उपदेश किया है, सब को यही मान्य होने के योग्य है।

(आर्याभि.)

**भावार्थ :-**

(ईश्वर का उपदेश है कि - ) वे ही धर्मात्मा जन हैं जो अपने आत्मा के सदृश सम्पूर्ण प्राणियों को मानें, किसी से भी द्वेष न करें और मित्र के सदृश सबका सदा सत्कार करें। (ऋ.दया. कृत यजुर्वेदभाष्य)

**टिप्पणी :-** (क) - ईश्वर सब जीवों से स्नेह या प्रीति करता है या सब का सुख चाहता है, इसलिये वह 'सर्वमित्र' है।

(ક્રમશઃ)

# માનવીય હૃદયમાં જો પરોપકારની પરબ પલ્લવિત થાય તો સમાજનું શોષણ નહીં પણ પોષણ થાય

રોટી, કપડા અને મકાનની જરૂરી આવશ્યકતા તો ભીખારીની પણ પૂર્ણ થઈ જાય છે. પરંતુ આ માનવીય ઈચ્છાઓ તો કરોડપતિ શું, અરબપતિ કે ખબરપતિની ઈચ્છાઓને પૂર્ણ કરવા આ બ્રહ્માંડનું સમગ્ર ઐશ્વર્ય પણ ઓછું પડે છે. બસ આ ઈચ્છાઓની આડમાં જ મોંઘવારી જેવી અનેકો સમસ્યાઓનો જન્મ થાય છે. વ્યક્તિની અનાવશ્યક ઈચ્છાઓના પરિણામે સંગ્રહખોરી, લોભવૃત્તિ, ભોગવાદ જેવી અનેકો કુપ્રવૃત્તિઓને કારણે જ મોંઘવારીની માર જનતાને ઝીલવી પડે છે.

ઈશ્વર નિર્માણાધીન આ સૃષ્ટિમાં સર્વે પ્રાણીઓ માટે કોઈપણ પદાર્થની ખોટ નથી. પણ બસ માનવીય હૃદયમાં ખોટ પડી ગઈ છે. કોઈપણ ચીજનો અભાવ નથી પણ માનવીય હૃદયમાં પરોપકારની ભાવનાઓનો અભાવ છે. ઈશ્વરીય સૃષ્ટિમાં કોઈ વસ્તુની કમી નથી પણ માનવીય હૃદયમાં ઉદભવેલ કુકર્મોને કારણે કમી ઉત્પન્ન થાય છે. માનવીય સંકુચિતતાને કારણે જ સમાજનું શોષણ થાય છે. માનવીય હૃદયમાં જો પરોપકારની પરબ પલ્લવિત થાય તો સમાજનું શોષણ નહીં પણ પોષણ થાય.

જ્યારે સંસારની અંદર જગતને જમાડનાર ખેડૂત એક હળ અને બે બળદથી ખેતી કરતો હતો અને વર્ષમાં એક અથવા બે પાકો પકવતો હતો ત્યારે સંસારના પ્રત્યેક પ્રાણીઓને પૂરતું ભરપેટ ભોજન મળી જતું હતું. પરંતુ જ્યારથી હળ અને બળદનું સ્થાન ટ્રેક્ટરે લીધું અને ખેતીની અંદર પ્રાણી ઉર્જાને સ્થાને યાંત્રિક ઉર્જાનો ઉપયોગ થયો અને વિશેષમાં ગાયના ખાતરને સ્થાને રાસાયણીક ખાતરો આવ્યા અને વધુમાં વધુ અન્ન, ફળ, ફૂલ પાક્યા ત્યારથી ભુખમરાની સમસ્યાની શરૂઆત થઈ છે. મનુષ્યના પેટના ખાડાની પૂર્તિ તો પૂર્ણ કરી શકાય પણ મનુષ્યની ઈચ્છાઓના ખાડાની પૂર્તિ તો સંસારના સમસ્ત અન્ન ભંડારો પણ પૂર્ણ ન કરી શકે. ઈચ્છાઓની પૂર્તિ માટે કેવળ એક જ રાજમાર્ગ છે વૈદિક અધ્યાત્મવાદની વાટ (રસ્તો). આજે સંસારમાં ભુખ્યાઓની અપેક્ષા અધિક અન્ન પેટમાં સંગ્રહ કરનારાઓનું મૃત્યુ જલદી થાય છે.

જ્યારે લોકો ચકલી અને ચરખા દ્વારા સુતર કાંતી કપડા પરિધાન કરતા હતા ત્યારે આટલી નગ્નતા ન હતી. શરીર ઢાંકવા પુરતા વસ્ત્રો મળી રહેતા હતા, પરંતુ જ્યારથી લાખો-કરોડો માનવીની ઉર્જા ચરખાનું સ્થાન મશીનોએ લઈ લીધું અને માત્ર અમુક જ કલાકોમાં કરોડો મીટર વસ્ત્રો તૈયાર થવા લાગ્યા ત્યારથી ધરતી પર વસ્ત્રહીનતા વધવા લાગી છે. મૂળ કારણ એક જ છે કે માનવીય મનોમાં સ્વાર્થ અને સંગ્રહખોરીની નગ્નતાને કારણે જ આ દુષણ ફેલાયેલ છે. જન્મથી મૃત્યુ સુધી માનવ જેટલા વસ્ત્રોનો પ્રયોગ કરીને ફેંકી દે છે તેના કરતાં કેટલાય ગણા વધુ વસ્ત્રો તો દરરોજ બદલતી ફેશન ફરેબી ફેંકી દે છે.

જ્યારે મનુષ્ય ઝુંપડીઓમાં, કાચા મકાનોમાં કે નાના સાધારણ એક માળના મકાનોમાં નિવાસ કરતો હતો ત્યારે પ્રત્યેક પરિવાર પાસે કાચું પાકું સાધારણ મકાન હતું. પરંતુ જયારથી આ માનવે ઉંચી ઉંચી ઉમારતો, વિશાળ આલીશાન ભવનો, મોટા મોટા બંગલાઓ અને પાકા મકાનોનું નિર્માણ કર્યું ત્યારથી ઘર-મકાન વગરના લોકોની સંખ્યામાં પણ વૃદ્ધિ થવા લાગી છે. સિમેન્ટ-કોંક્રીટના જંગલો ઉત્પન્ન કરનાર મનુષ્યોના હૃદય પણ સિમેન્ટ અને કોંક્રીટ જેવા મજબુત થઈ ગયા છે. આવા મજબુત હૃદયોમાં દર્દ કે હમદર્દીની કોઈ લાગણી, દયા, કરૂણા કે પ્રેમ પલ્લવીત થતા નથી. માટે માનવી માનતા મુકી અમાનવીય વર્તન કરે છે. જેને પરિણામે મોંઘવારીની સવારી આવી પહોંચે છે.

સ્વયંની શક્તિ, જ્ઞાન, વિજ્ઞાન, સામર્થ્ય અને આવશ્યકતા અનુસાર ઈચ્છાઓ પૂર્ણ કરવા પ્રયત્નશીલ રહેવું એ ખોટું નથી. પણ શક્તિ, જ્ઞાન, વિજ્ઞાન, સામર્થ્ય અને આવશ્યકતાઓથી ઉપરવટ જઈ યેન-કેન-પ્રકારેણ ઈચ્છાઓ પૂર્ણ કરવા પ્રયત્નશીલ રહેવું એ અનર્થકારી વ્યવહાર જ મોંઘવારી જેવી બીજી પણ અનેકો સમસ્યાઓનું સર્જન કરે છે.

આજે વિશ્વમાં જેટલી પણ સમસ્યાઓ છે તેના કારણોમાં ઈશ્વર કે અન્ય કોઈ પ્રાકૃતિક જડ પદાર્થો જવાબદાર નથી, પણ લગભગ દરેક સમસ્યાના મૂળમાં માનવ જ મૂળભૂતરીતે સંડોવાયેલો છે. સમસ્યાના નિરાકરણો કે સમાધાન માટે માનવ સ્વયંને નિર્દોષ સાબિત કરવા પ્રયત્નશીલ રહી ઈશ્વર પર દોષનો ટોપલો નાંખે છે. જેવી ઈશ્વર ઈચ્છા પણ ખરેખર માનવીય કર્મોમાં ઈશ્વર ક્યારેય પણ દખલગીરી કરતો નથી. ઈશ્વરની સૌથી મોટી અને શ્રેષ્ઠ ભેટ જો કોઈ માનવને હોય તો એ જ છે કે કર્મ કરવાની સ્વતંત્રતા. આ અમૂલ્ય ભેટનો માનવ દુરૂપયોગ કરી સ્વયં દુઃખી થાય છે અને સમાજ, રાષ્ટ્ર, વિશ્વને દુઃખી કરે છે. માટે મોંઘવારીની સમસ્યા પણ પૂર્ણરીતે માનવ સર્જીત છે અને તેનું નિરાકરણ પણ આ લેખમાં દર્શાવેલ બિંદુમાં જ માનવ પાસે સમાયેલું છે.

## આણંદ ખાતે સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત
# કસ્તુરબા કન્યા વિદ્યાલય ખાતે કરાટે કેમ્પની પૂર્ણાહુતિ



આણંદ જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત શાળાની કન્યાઓ માટે નિ:શુલ્ક કરાટે પ્રશિક્ષણના વર્ગો ચલાવવામાં આવી રહ્યા છે. સતત એક વર્ષ સુધી વાડો કાઈ-કરાટે અકેડમીના નિષ્ણાંત કોચ દ્વારા આ પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. આ પ્રશિક્ષણ શિબિરનો પૂર્ણાહૂતિ સમારોહ ચરોતર એજ્યુકેશન સંચાલિત કસ્તુરબા કન્યા વિદ્યાલયમાં યોજવામાં આવ્યો હતો. આ સમારોહમાં અધ્યક્ષ તરીકે ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. એસ. કે. નંદા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વાડો કાઈ કરાટે અકેડમીના ટેકનિકલ ડાયરેક્ટર શ્રી અરવિંદ રાણા, આણંદ જિલ્લા પોલીસ વડા શ્રી અસારી ઉપસ્થિત રહ્યા હતા.

સમારોહનાં અધ્યક્ષ અને ગૃહ વિભાગનાં અધિક મુખ્ય સચિવ ડૉ. એસ. કે. નંદાએ પોતાનાં પ્રાસંગિક ઉદ્‌બોધનમાં વિદ્યાર્થીનીઓને સતત એક વર્ષ સુધી કરાટેનું નિરંતર પ્રશિક્ષણ આપવા બદલ જિલ્લાનાં પોલીસ તંત્રને, કરાટે અકેડમીને તથા શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રકારની અસરકારક તાલીમથી જ વિદ્યાર્થીનીઓમાં આત્મવિશ્વાસ તથા પ્રતિકાર કરવાની શક્તિ વિકસિત થઈ શકે અને સુરક્ષા સેતુનો આ મુખ્ય હેતુ હોવાનું તેમણે જણાવ્યું હતું. ૧૨૦૦ થી વધુ વિદ્યાર્થીનીઓ દ્વારા રજૂ કરાયેલા સામુહિક નિદર્શનથી પ્રભાવિત થઈને તેમણે જણાવ્યું હતું કે આ નિદર્શન જોઈને એવું લાગે છે કે વિદ્યાર્થીનીઓમાં શિસ્તબદ્ધતા, આત્મવિશ્વાસ અને ગમે તેવા પડકારનો સામનો કરવાની હિંમત આવી ગઈ છે. તેમણે વિદ્યાર્થીનીઓને પોતાની સલામતી માટે કરાટેનો સતત અભ્યાસ કરતા રહેવા પ્રેરણા આપી હતી.

આણંદ જિલ્લા પોલીસ વડા શ્રી આર. વી. અસારીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે છેડતી કરનારા, બળાત્કાર કરનારા તત્વો વાસ્તવમાં ખૂબ નબળી માનસિકતાવાળા હોય છે. જો બહેનો દ્વારા મક્કમ મને અને યોગ્ય પ્રયાસથી સામનો કરવામાં આવે તો આવા લોકોને પાઠ ભણાવવાનું અઘરું નથી. કરાટે જેવી વિદ્યા શીખીને બહેનોમાં પ્રતિકાર કરવાની શક્તિ વિકસિત થાય છે અને સાથે સાથે આત્મવિશ્વાસમાં પણ વૃદ્ધિ થાય છે. આણંદ જિલ્લા પોલીસ દ્વારા આ ૨૨૦૦ વિદ્યાર્થીનીઓને સતત એક વર્ષ સુધી પ્રશિક્ષિત કરવાનો કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો છે પરંતુ હજુ બાકી રહી ગયેલી વિદ્યાર્થીનીઓ માટે આવતા વર્ષે વાડોકાઈ કરાટે-ડો અકેડમીની સાથે રહીને વિવિધ શાળાઓમાં સતત



કાર્યક્રમો ચલાવવામાં આવશે તેવી તેમણે ઘોષણા કરી હતી.

પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં શ્રી અરવિંદભાઈ રાણાએ જણાવ્યું હતુ કે દરેક વ્યક્તિમાં શક્તિઓ રહેલી હોય છે. આ શક્તિઓને કેળવણીનાં માધ્યમથી જાગૃત કરી શકાય છે. તેમણે વિદ્યાર્થીનીઓને શક્તિશાળી બનવા પ્રેરણા આપી હતી. ગત એક વર્ષ દરમ્યાન શીખેલી કરાટેની ટેકનિક્સનો નિયમિત અભ્યાસ કરતા રહેવા વિદ્યાર્થીનીઓને અનુરોધ કર્યો હતો.

શાળાનાં આચાર્યા શ્રીમતી રશ્મીબહેન પી. પટેલે કાર્યક્રમનાં પ્રારંભમાં સૌને આવકાર્યા હતા અને કરાટે કળાની આવશ્યકતા ઉપર પણ સંક્ષિપ્તમાં પ્રકાશ પાડ્યો હતો. ત્યારબાદ આણંદ જિલ્લાના નિયામક સેનસાઈ શ્રી જિગ્નેશભાઈ ઠક્કરે સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત આણંદમાં ચાલતી સ્વબચાવનાં પ્રશિક્ષણની પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી.

નિદર્શનનાં સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અકેડમીનાં સિનિયર કોચ તથા જિલ્લાનાં અધિક નિયામક સેનસાઈ શ્રી ચેતનભાઈ ફુમકિયા દ્વારા કરવામાં આવ્યું હતું. શાળાની ૧૨૦૦ થી વધુ વિદ્યાર્થીનીઓ ઉપરાંત નિયમિત કરાટે વર્ગની વિદ્યાર્થીનીઓએ પણ વિવિધ એડવાન્સ્ડ ફાઈટીંગ તથા બ્રેકીંગ ટેક્‌નિક્સનું રોમાંચક નિદર્શન કર્યું હતું. આ પ્રસંગે અકેડમીનાં બ્લેક બેલ્ટ નિષ્ણાતો સેનસાઈ શ્રી કમલેશ વાઘેલા, મેહુલ ઠક્કર, કુ. પ્રતિમા પિમ્પલગાંવકર, કુ. પૃથ્વી મિસ્ત્રી, કુ. નંદિની પારેખ, કુ. વર્ષા ઠાકોર, કુ. શાલીની કુશવાલ, કુ. પાયલ કુશવાહએ કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ આપ્યો હતો.

આ કાર્યક્રમમાં ડીવાયએસપી શ્રીએમ. એચ. વસાણી, આણંદ ટાઉન પીઆઈ. શ્રી હરદેવસિંહ વાઘેલા, કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈ પટેલ તથા શાળાના આચાર્ય રશ્મીકાબેન , દર્શનાબેન ઠક્કર વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ભારતીબેન તથા વર્ષાબેને કર્યું હતું.

# આશરે સો વારને અંતરેથી સનનન કરતી ગોળીઓ છૂટવા માંડી, લોકો ઘડાઘડ નીચે પડવા માંડ્યા

એક દિવસ એક વૃદ્ધ સન્યાસીએ તેમને સમજાવ્યું કે આટલું ભટક્યા પછી જો તને યોગ્ય ગુરુ ન મળ્યા તો હે વત્સ ! તું પાછો જા, તારું નિર્માણ મને સંસારમાં દેખાય છે. સુભાષને આ સન્યાસીની વાણી સ્પર્શી ગઈ. સુભાષની નજરસામે કંગાળોની કતારો, કોલેજના પુસ્તકો અને કુટુંબીજનો તરવરી રહ્યા. સુભાષ જ્યારે ઘેર પરત આવ્યા ત્યારે તેના માતા પિતા અને બીજા લોકો ઘણાં ખુશ થયાં.

સુભાષમાં જોશ અને બેચેની હતા માતૃભૂમિ સ્વતંત્ર થાય અને તેની બેડીઓ તૂટી જાય એવું તે ઈચ્છતા હતા. છતે દિવસોમાં પ્રથમ મહાયુદ્ધ ૧૯૧૪-૧૮ દરમ્યાન થયું. આ યુદ્ધમાં એક બાજુ ફ્રાન્સ અને ઈંગ્લેન્ડ હતા અને બીજી તરફ જર્મની અને તુર્કી હતાં. આ યુદ્ધ આખી દુનિયામાં ઝડપથી ફેલાઈ ગયું.

સુભાષના રાષ્ટ્રભક્ત મન પર પ્રથમ વિશ્વયુદ્ધની અને ભારતમાં અંગ્રેજોના અત્યાચારી વલણની ઉંડી અસર પડી. રાષ્ટ્રીય અને વૈશ્વિક ઘટનાઓનું વિશ્લેષણ ખૂબ ઝડપથી અને સચોટ રીતે કરવાની તેમની ક્ષમતાનો સુભાષમાં વિકાસ થયો હતો. ભારતે લશ્કરી તાકાતનો વિકાસ કરી વિશ્વની મહાશક્તિ બનવું જોઈએ એવું તે દ્રઢપણે માનવા લાગ્યા હતા.

૧૯૧૫માં ઈન્ટરની પરીક્ષા આપી અને અગ્રક્રમે તથા સારા ગુણ સાથે પાસ થયા. તે પછી તે સમાજસેવાના કામમાં જોડાઈ ગયા. દુકાળ પીડિત સ્થાન પર અનાજ, વસ્ત્ર, ધાન્ય વગેરે એકત્ર કરી મોકલતા. પ્લેગની પીડાનું નિવારણ કરવા, દવાઓ લઈ ડૉક્ટરો સાથે સેવામાં મંડી પડતા. ગરીબોને વસ્ત્રો આપવાનાં તેમ જ મૃતદેહોને સ્મશાનભૂમિ પર લઈ જઈને



ભારતની સ્વતંત્રતાના વીર નાયક

## સુભાષચંદ્ર બોઝ

-ચૈતન્ય દેસાઈ (3)

અગ્નિ સંસ્કાર કરવાના કાર્યો તે દિવસોમાં સુભાષ કરવા લાગ્યા. કટકમાં આ રીતે એક વર્ષ ગાળી આગળના શિક્ષણ માટે પ્રેસીડન્સી કોલેજ પછી સ્કોટિશ કોલેજમાં પ્રવેશ પામ્યા. હવે ફરીથી તે વિદ્યાર્થી બની, મન કેન્દ્રિત કરી શિક્ષણમાં પ્રવૃત્ત થયા. સાથે સાથે તે ભારતીય બચાવ ટુકડી (ટેરિટોરિયલ આર્મી) માં ભરતી થયા જે વિશ્વ વિદ્યાલયના એક એકમ રૂપે હતી. આ પ્રસંગે સુભાષે ખાખી પોશાક પહેરી સૈનિક પ્રશિક્ષણ લીધું અને બંદૂક ચલાવતાં શીખ્યા. એ અજાયબીની વાત હતી કે જે યુવક સાધુઓ અને મહાત્માઓના ચરણોમાં વર્ષો સુધી રહી આવ્યો હતો, જે ગુરુની શોધ માટે ઘર છોડી ભાગી ગયો હતો, તે કાંધ ઉપર બંદૂક મૂકી અંગ્રેજ ઓફિસર પાસે યુદ્ધ કળા શીખી રહ્યો હતો. સુભાષને એ બાબતનો પૂર્ણ સંતોષ હતો કે એ વિદ્યાર્થી પણ હતો અને સાથે સૈનિક પણ. આમ તો તે બ્રિટિશ રાજ્યનો સૈનિક હતો, પણ મનથી તે ભારતમાતાનો સૈનિક હતો. આ લશ્કરી તાલીમ તેમને ૨૫ વર્ષ બાદ ‘આઝાદ હિંદ ફોજ’ની રચનામાં ઉપયોગી થઈ હતી.

સુભાષને સશસ્ત્ર ક્રાંતિની પ્રેરણા જે ઘટનામાંથી સવિશેષ મળી હતી તે ઘટના હતી જલિયાનવાલા બાગનો હત્યાકાંડ, ૧૯૧૯નું વર્ષ હતું. ૧૨ એપ્રિલના બપોરે સાડા ચાર વાગ્યે સ્થાનિક જનતાએ અમૃતસરની બરાબર મધ્યમાં જલિયાનવાલા બાગમાં એક ભવ્ય સભાનું આયોજન કર્યું હતું. એ બંધ બાગમાં વીસ હજાર જેટલા લોકો રોલેટ એક્ટના વિરોધમાં સભા કરી રહ્યા હતા. એમની મુખ્ય માગણી એમના નેતાઓને છોડી મૂકવાની અને જુલમશાહી બંધ કરવાની હતી. સભા હજી તો શરૂ થઈ હતી એટલામાં દારૂગોળો ભરેલી, શસ્ત્રો સાથેની કવચધારી ગાડીમાં બદલાની ભાવનાથી ક્રોધથી ભભૂકેલો જનરલ ડાયર બાગની બહાર નાગની જેમ ફૂંફાઢા મારતો આવ્યો. એણે ચારે બાજુથી બાગનું નિરીક્ષણ કરી લીધું. સામે બાર ફૂટ ઉંચા પથ્થરનાં કઠેડા, અંદર દાખલ થવા માટે ફક્ત એક જ સાંકડો પગરસ્તો, એક સાથે માંડ માંડ બે માણસ જઈ શકે, એ સિવાય ક્યાંયથીય અંદર જવા માટે કીડી જેટલી જગ્યા પણ નહોતી. ડાયરે હળવી તોપો અંદર મૂકાવી, સામે બેઠેલી પ્રચંડ મેદનીને સહેજ પણ અણસાર આવવા દીધો નહીં. ત્યાં ભેગા થયેલા નાનાં ભૂલકાંઓનો, માનવતાનો સહેજ પણ વિચાર કર્યા સિવાય ઉન્મત્ત ડાયરે સૈનિકોને ગોળીબાર કરવા આદેશ દીધો. આશરે સો વારને અંતરેથી સનનન કરતી ગોળીઓ છૂટવા માંડી. લોકો ઘડાઘડ નીચે પડવા માંડ્યા. ‘બચાવો બચાવો’ એક જ આક્રંદ સભળાતું હતું. દીન જનતા આક્રંદ કરતી ભાગવા લાગી. બહાર જવાનો કોઈ રસ્તો જ નહોતો. લાશો પડવા માંડી. જીવ બચાવવા લોકો લાશના ઢગલા પર લાશની જેમ પડી જતા હતા. ડાયરની ઝેરીલી આંખોથી આ પણ સહેવાતું ન હોય તેમ લાશના ઢગલા પર જ ચડીને બરાડા પાડીને ગાળીબાર ચાલુ રખાવ્યો. કઠેરાના પથ્થરે શરમથી ગરદન ઝુકાવી દીધી. લોહીની નદીમાં ધજાઓ લથપથ થઈ ગઈ. સતત દશ મિનિટ સુધી શયતાની હૂમલો ચાલુ રહ્યો. ગોળીબારરના કુલ એક હજાર છસ્સો પચાર દોર ચાલ્યા હતા. ત્યાં આપણાં બે હજારથીય વધારે ભાઈઓ ઠાર થયા હશે. અંગ્રેજોના અત્યાચારોની કોઈ સીમા નહોતી. ખેતરોમાં મજુરી કરતાં મજુરો પણ વિમાનમાંથી બોંબમારો થયો. અમૃતસરમાં પ્રજાને જમીન પર સૂવડાવીને સાપની જેમ રસ્તા પર ઢસડી. આવો આતંક અને અત્યાચાર ! અને તે પણ એક સુસંસ્કૃત રાષ્ટ્ર પ્રત્યે ? જલિયાનવાલ બાગની લોહી થીજવી દેતી કથા સાંભળીને સુભાષ અવાક્ થઈ ગયા. (ક્રમશ:)

# સંત ઓધવરામ વૈદિક ગુરુકુળના બ્ર. વૈકુંઠ સત્યાર્થી દયાનન્દ મુમુક્ષૂ પુરસ્કાર થી સન્માનિત



**સંત ઓધવરામ વૈદિક ગુરુકુળના યશસ્વી બ્ર. વૈકુંઠ સત્યાર્થીજી ને ઋષિ બોધોત્સવ ટંકારા માં મુંબઈ થી પધારેલા આચાર્ય સોમદેવજી દ્વારા વેદ મંત્ર સ્મકરણ તથા યોગદર્શનના સુત્રોની શ્રવણ પ્રતિયોગિતામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ઓરિસ્સાથી પધારેલા સ્વામી સુધાનન્દજી દ્વારા બ્ર. વૈકુંઠજીને દયાનન્દ મુમુક્ષૂ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા તે પ્રસંગની તસવીર....**

# ..નક્ષત્ર ચિંતન ( 3 )

➤ નાથુભાઈ ડોડીયા, ભરૂચ

રૂદ્ર અને નક્ષત્ર દેવતાની એક નિષ્કની સોની મૂર્તિ બનાવડાવીને શક્તિ ન હોય તો અડધા કે ચોથા ભાગના સોનાની બનાવડાવે. ઉતાવળ ન હોય તો તેની સોનાની કિંમત કળશ ઉપર રાખે. સોનાને બદલે ચાંદી કે બીજી ધાતુ ન વાપરે. સોના અને બ્રાહ્મણમાં દેવ વસે છે એટલે તેમના સાનિધ્યથી સર્વે કષ્ટ દૂર થઈ જાય છે. પ્રતિમાપૂજનમાં બે વસ્ત્ર જરૂરી છે. કળશ સોનાનો, ચાંદીનો કે માટીનો પણ ચાલે. લોકપાલો, દીક્ પાલો, નક્ષત્ર દેવો અને અધિદેવતાઓની પૂજા, હવન અને અભિષેક કરે. યજમાન અબ્રાહ્મણ હોય તો મેષ=ઘેટાનાં શીંગનો ધૂત આપે અને સુરા-માંસનું નૈવેદ્ય ચડાવે. બ્રાહ્મણ હોય તો સુરાને સ્થાને નમક મિશ્રિત દૂધ અને માંસના સ્થાને લવણયુક્ત ખીર આપે. તે પછી સર્વે બ્રાહ્મણોને પાયસ=દૂધપાકનું ભોજન કરાવે અને દક્ષિણાથી સંતુષ્ટ કરે. આચાર્યને વાછરડા સાથે દુધારી ગાય, સોનાની મૂર્તિ, વસ્ત્ર, સુવર્ણ કળશ વગેરે આપે. રૂદ્ર મંત્ર જપનાર વ્યક્તિને રૂદ્ર મૂર્તિ, કળશ, વસ્ત્ર અને કાળો બળદ આપે.

આ કેવી વ્યવસ્થા! સુરા-માંસભોજી યજમાનનું ધન હરવાની હેતુથી તેમને ખુશ કરવા શરાબ-માંસનું નૈવેદ્ય પણ બતાવ્યું. કોઈવાર તો લોભલીલા પાછળથી શરૂ થાય છે. પહેલાં તો અજ્ઞાન કે અલ્પજ્ઞાનને કારણે અંધશ્રદ્ધાની શરૂઆત થાય છે. મૂળ નક્ષત્ર સાથે પણ આવું જ કાંઈક બનેલ છે.

લેખક સત્યાનંદ

વેદવાગીશ અથર્વવેદના ૧૯ના કાંડના સાતમા સૂક્તનો પાઠ કરી રહ્યાં હતાં. અહીં તેમને ‘અરિષ્ટ મૂલન’ વાક્ય જોયું. જેમ ભૂખ્યાને ભોજન અને તરસ્યાને પાણી મળવાથી જે આનંદ થાય તેવો આનંદ તેમને થયો. અહીં અરિષ્ટ શબ્દ સૌથી અગત્યનો છે. કેટલાય શબ્દોનાં એક કરતાં વધુ અર્થ હોય છે પરંતુ તેનો અર્થ પ્રકરણાનુસાર કરવો સૌથી અગત્યનો છે, નહીંતર અર્થનો અનર્થ થઈ જાય. જેમ કે કેટલાક સજ્જનો વચ્ચે ભોજન અંગે વાતો થતી હતી. એમાં એક સજ્જને કહ્યું કે છેલ્લા બે વર્ષથી હું સૈંધવ ખાતો નથી. પહેલાં નિયમિત ખાતો હતો. આથી વાતચીત સાંભળતી વ્યક્તિ બોલી ઉઠી કે આપ માંસાહારી છો અને ઘોડાને પણ ખાતા હતા. અહીં સૈંધવના બે અર્થ થાય છે. એક નમક અને બીજું ઘોડો. વાતચીત કરનાર વ્યક્તિનો કહેવાનો સાચો અર્થ એ હતો કે પહેલાં હું ભોજનમાં નમક લેતો હતો પણ હવે નમક નથી લેતો. પ્રકરણ અનુસાર અર્થ ન કરવાથી કેવો અનર્થ થાય છે તેનું આ એક દૃષ્ટાંત છે.

એવી જ રીતે એક જ શબ્દનો શાસ્ત્રભેદ કે વિષયભેદથી અલગ-અલગ અર્થ થાય છે. જેમ કે પાતંજલ યોગ શાસ્ત્રમાં યોગનો અર્થ ચિત્ત વૃત્તિઓનો નિરોધ કરવાનો થાય છે. જ્યારે આયુર્વેદમાં યોગનો અર્થ નુસ્ખો અને ગણીતમાં યોગનો અર્થ સરવાળો થાય છે. આ જ સ્થિતિ અરિષ્ટ શબ્દ સાથે થઈ છે. ‘રિષ્ટ’ શબ્દનો અર્થ હિંસિત, ક્ષતિગ્રસ્ત, કુટિલ, પરેશાન, ક્ષુબ્ધ વગેરે છે. તેના નિષેધમાં અરિષ્ટ શબ્દ બનેલ છે. તેથી તેનો અર્થ થાય છે અહિંસિત, અક્ષય, પૂર્ણ, શાંતિયુક્ત વગેરે. આપ્ટેએ પોતાના શબ્દકોષમાં અરિષ્ટનો અર્થ unhurt, perfect, complete, imperishable, undecaying. secure. safe કરેલ છે. વાલ્મિકી રામાયણમાં અરિષ્ટ શબ્દ પ્રયોગ છે. ‘અરિષ્ટં ગચ્છ પ્રંથાનમ’ (૧-૨૪-૩), અથર્વવેદ (૧૯-૭)માં પણ અરિષ્ટનો અર્થ શાંતિમય છે. અહીં મૂળ વગેરે નક્ષત્ર માટે શાંતિની પ્રાર્થના અને કામના કરવામાં આવી છે અને આ અર્થ ઉચિત પણ છે.

હવે આ અરિષ્ટ શબ્દનો એક અન્ય શાસ્ત્રીય રૂઢ અર્થના આધારે આ ગરબડ શરૂ થઈ હશે. આયુર્વેદના પ્રસિદ્ધ ગ્રંથ ચરક સંહિતામાં ઈન્દ્રિય સ્થાન (૨-૧)માં કેટલાક શારીરિક લક્ષણો આપેલ છે, જેના દ્વારા મનુષ્ય ક્યાં સુધી જીવીત રહેશે તેનું જ્ઞાન થાય છે. બીજા શબ્દોમાં આટલા સમય પછી મૃત્યુ થશે તેની જાણ થાય છે. આ લક્ષણો-ચિહ્નોને અહીં અરિષ્ટ કહેવામાં આવેલ છે, આવો અહીં સ્પષ્ટ ઉલ્લેખ છે. (ક્રમશ:)

અગ્નિપથ

⇨ સાંપ્રત ઘટનાઓનું આદર્શ દૃષ્ટિકોણથી વિવેચન.

⇨ વૈદિક સાહિત્યના ગહન સિદ્ધાંતોનું સરળ પ્રસ્તુતિકરણ.

⇨ વેદ-દર્શન-ઉપનિષદ જેવા આધ્યાત્મિક ગ્રન્થોમાં નિહિત જ્ઞાનની સરળ પ્રસ્તુતિ.

⇨ બાળકો માટે ઉપદેશ કથા.

⇨ સ્વાસ્થ્ય સંબંધિત જાણકારી.

⇨ વૈદિક વિદ્વાનોના ચિંતનાત્મક લેખો.

⇨ ગુજરાતના આર્યસમાજોના કાર્યક્રમોના સમાચારો.

⇨ રાષ્ટ્રિય અને સાંસ્કૃતિક ગૌરવના ભાવ ભરતું એકમાત્ર ક્રાંતિકારી સાપ્તાહિક.

**વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-**
**આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/-**

: કાર્યાલય :
૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧,
ગાંધીનગર-૩૮૨૦૨૪. ફોન - (૦૭૯) ૨૩૨૧૦૦૭૧
E-mail : agnipathgnr@gmail.com

અગ્નિપથ કાર્યાલયને પત્ર અથવા ઈ-મેલથી જાણ કરી આપ લવાજમ બેંકમાં જમા કરાવી શકો છો.
AGNIPATH A/c No. 24640200000387
Bank of Baroda, Vidhansabha Branch, Gandhinagar.

OWNER, PRINTER, PUBLISHER & EDITOR : ARVIND K. RANA PRINTED AT MUDRANKAN OFFSET, PLOT NO. 905/5/B, G.I.D.C., SECTOR-28, GANDHINAGAR.
PUBLISHED FROM : PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR-21, GANDHINAGAR-382021. PHONE : (079) 23210071 E-MAIL : agnipathweekly@yahoo.com